RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 87* Date: 23.01.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કેશુભાઇની સરકારે શરૂ કરેલ આર.આર.સેલ પર રૂપાણી સરકારનો સપાટો

# ભ્રષ્ટાચાર નાબૂદ કરવા રૂપાણી સરકારે RR સેલને તાળાં માર્યા

*ગાંધીનગર,તા.૨૨*

રાજ્યમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી, ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા, ACBના વડા કેશવ કુમાર અને DGP આશીષ ભાટિયાએ પત્રકાર પરીષદ કરી હતી. ગુજરાતમાં છેલ્લા થોડા દિવસોથી ACB દ્વારા સપાટો બોલાવામાં આવ્યો છે. રાજ્યમાં લાંચિયા સરકારી કર્મચારીઓ વિરુદ્ધ ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા એન્ટિ કરપ્શન બ્યૂરોને આવા તત્વોને ઝડપી પાડવા માટે છૂટો દોર આપવામાં આવ્યો છે. એસીબીના વડા કેશવકુમાર અને રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીએ આ અંગે એક પ્રેસ કૉન્ફરન્સ સંબોધી છે અને તેના વિશે માહિતી આપી છે. સરકાર દ્વારા કરપ્શન અંગે જે રેપિડ કાર્યવાહી કરવામાં આવી રહી છે તે અંગે આજે રૂપાણી સરકારની કામગીરીને બિરાદવતો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારની કામગીરીનાં આંકડા જાહેર કરતા તેમણે ACBની કામગીરી વિશે ડાયરેક્ટર કેશવકુમારે વિગતો આપતા જણાવ્યું કે ૨૦૨૧માં ૩૩ કરોડની અપ્રમાણસરની મિલ્કતોનાં કેસ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૦માં ૫૦ કરોડનાં કેસ કરવામાં આવ્યા હતા. સરકારે તપાસ માટે ખુલ્લો દોર આપતા હજુ કેસની સંખ્યામાં વધારો થશે. કેશવકુમારે આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૬માં ૨૫૮ કેસ, ૨૦૧૭માં ૧૪૮, ૨૦૧૮માં ૩૩૨, ૨૦૧૯માં ૨૫૫, ૨૦૨૦માં ૧૯૯ કરપ્શનના કેસ કરવામાં આવ્યા છે. ૨૦૧૬માં ૪૩૩ વ્યક્તિ, ૨૦૧૭માં ૨૧૩, ૨૦૧૮માં ૭૩૦, ૨૦૧૯માં ૪૭૦, ૨૦૨૦માં ૩૧૦ લાંચિયા વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

ગૃહ વિભાગ દ્વારા વિવિધ આંકડાઓ જાહેર કરતા જણાવવામાં આવ્યું હતું કે ૯૦ બુટલેગરની ધરપકડ કરી લેવામાં આવી છે તો જાતીય સતામણીનાં કેસમાં પણ ગુના દાખલ કરવામાં આવ્યા છે. કોંગ્રેસનાં શાસનમાં જે રંજાડ હતી તે દુર કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે. લેન્ડ ગ્રેબીંગ મુદ્દે પણ કાયદો બનાવવામાં આવ્યો છે. સરકારે ફ્રી હેન્ડ કામ કરી શકાય તે માટે મોકો આપ્યો છે.



આ ઉપરાંત મુખ્યમંત્રી રૂપાણીએ મોટી જાહેરાત કરતા રાજ્યમાં ૧૯૯૫થી ચાલુ આર.આર.સેલને નાબુદ કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. ગુજરાતમાં દરેક રેન્જમાં આર.આર.સેલ કાર્યરત હતો. આર.આર.સેલનું વિસર્જન થતાં તેના ફાજલ પોલીસમેનો જુદા જુદા જિલ્લામાં ફળવવામાં આવશે. તેમજ દરેક જિલ્લાના એસ.પી.ને વધુ કાયદાકીય તાકાત આપવામાં આવશે. અત્ર નોંધનીય છે કે તાજેતરમાં થોડા સમય પહેલા અમદાવાદ રેન્જનાં આર.આર.

### લેન્ડ ગ્રેબિંગ એક્ટઃ રાજ્યમાં વર્ષ ૨૦૨૦માં ૨૦ કરોડની ગેરકાયદેસર સંપતિ થઈ હાંસલ, પાસા હેઠળ ૧,૨૪૬ આરોપીઓની થઈ ધરપકડ

સેલના જમાદારને રુ. ૫૦ લાખના તોડપાણી કાંડમાં પકડવામાં આવ્યો હતો.

આ પ્રેસ કૉન્ફરન્સમાં લેન્ડ ગ્રેબિંગ અંગે મહેસૂલ સચિવ પંકજ કુમારે કહ્યું કે સરકારે લેન્ડ ગ્રેબિંગ એક્ટ પસાર કર્યો હતો. આ અંગે અત્યારસુધીમાં ૬૪૭ અરજીઓ આવી છે જેની તપાસ કરવામાં આવી છે. અત્યારસુધીમાં ૧૬ એફઆઈઆર દાખલ કરી અને ૩૪ લેન્ડગ્રેબરનો સમાવેશ થાય છે. ૧ લાખ ૩૫૦૦૦ ચોરસમીટરથી વધુની જમીન છે. આ જમીનની જંત્રી કિંમત ૨૨૦ કરોડથી વધારે સંકળાયેલી છે. આ ૧૬ એફઆઈઆરથી આટલા મોટા પ્રમાણમાં દબાણ થયેલી જમીનોનાં મામલા સામે આવ્યા છે.

સીએમ રૂપાણીએ કહ્યું કે 'કાયદો વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે માથાભારે તત્વો માથું ન ઉંચકે તે માટે લેન્ડગ્રેબિંગ, સાયબર ક્રાઈમ, ટપોરીઓ જે શરૂઆત કરે અને તેને અંકુશમાં ન કરીએ તો મોટી ગેંગ બનતી હોય છે. ગત વિધાનસભામાં અમે ગુંડાધારો, લેન્ડ ગ્રેબિંગ, ખોટા દસ્તાવેજ વગેરેના ગુનાઓ અંગે કાયદા ઘડ્યા છે. આ અંગે સરકારે અધિકારીઓને છૂટો દોર આપ્યો છે. હજુ પણ આપણે એવી રીતે આગળ વધી રહ્યા છે કે ઓછામાં ઓછી ચોક્કસ સજા પડે અને ભ્રષ્ટાચારીઓ પર ધાક બેસાડવી પડે. આવક કરતાં વધુ મિલકતના કેસમાં તો સાત મહિના આઠ મહિના એક કેસમા જતા હોય છે,ત્યારે આવા કેસ માટે જરૂરિયાત મુજબ વધારે સ્ટાફ, સાધનો, ટેકનોલોજી આપણે આપી રહ્યા છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે ૧૯૯૫થી ચાલતી આરઆરસેલ નાબૂદ કરવામાં આવી છે. હવે ટૂંક સમયમાં પોલીસના બોડી પર કેમેરો લાગશે તેની સમગ્ર કાર્યવાહી કોઈ ત્રીજી વ્યક્તિ નિહાળે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

## મે મહિનામાં યોજાશે કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી: CWCની મીટિંગમાં લેવાયો નિર્ણય

*ન્યુ દિલ્હી,તા.૨૨*

કોંગ્રેસ પાર્ટીમાં અધ્યક્ષ સહિત સંગઠનના અન્ય પદોની ચૂંટણી ૧૫થી ૩૦ મે વચ્ચે કરાવવામાં આવી શકે છે. સૂત્રોના હવાલાથી સમાચાર છે કે શુક્રવારે બોલાવવામાં આવેલી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં મે મહિનામાં સંગઠનની ચૂંટણી કરાવવા પર વિચાર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે મે મહિનામાં જ દેશના પાંચ રાજયોમાં વિધાનસભા ચૂંટણી થવાની છે અને માનવામાં આવી રહ્યુ છે કે આ ચૂંટણી ખતમ થયા બાદ કોંગ્રેસમાં સંગઠનાત્મક ચૂંટણી કરાવવામાં આવશે. આ સાથે જ કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં ફેબ્રુઆરીમાં પાર્ટીની આંતરિક ચૂંટણી કરાવવા પર સંમતિ બની છે.

તમને જણાવી દઈએ કે એપ્રિલ-મે ૨૦૨૧માં તમિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ, અસમ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. સૂત્રો મુજબ કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં બે સભ્યોએ આ પ્રસ્તાવ રાખ્યો કે ફેબ્રુઆરીમાં પાર્ટીની આંતરિક ચૂંટણી કરાવવી જોઈએ જેથી વિધાનસભા ચૂંટણી માટે એક ટીમ તૈયાર કરવામાં પૂરતો સમય મળી શકે. તમિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ અને અસમમાં કોંગ્રેસ સત્તાની બહાર છે. માત્ર પુડુચેરીમાં કોંગ્રેસની સરકાર છે. બેઠક દરમિયાન પાર્ટી પદાધિકારીઓએ કહ્યુ કે વિધાનસભા ચૂંટણી અને સંગઠનાત્મક ચૂંટણી વચ્ચે એક લાંબુ અંતર જરૂરી છે જેથી ચૂંટણી અભિયાનમાં કોઈ નુકશાન ન થાય. બેઠકમાં સોનિયા ગાંધીએ ખેડૂત આંદોલન અંગે મોદી સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, મોદી સરકારે સંવેદનહીનતા અને અહંકારની તમામ સીમાઓ પાર કરી દીધી છે. આ કાયદાઓને સરકારે ઉતાવળમાં પાસ કરી દીધા. સંસદમાં કૃષિ કાયદાઓને યોગ્ય રીતે સમજવાનો મોકો આપવામાં ન આવ્યો અને હવે બેઠકોનો દેર ચાલી રહ્યો છે. પહેલાં જ કોંગ્રેસ આ ત્રણેય કાયદાઓને નકાર્યા હતા. સાથે જ સોનિયા ગાંધીએ કહ્યું કે, રાષ્ટ્રીય સુરક્ષા એક ગંભીર વિષય છે. પાછલા દિવસોમાં જે ગોપનીય માહિતી લીક થવાનો મામલો સામે આવ્યો હતો, તે ગંભીર મુદ્દો છે. જે અંગે સરકાર ચુપ છે. ઉપરાંત તેમણે વેક્સિનેશન અંગે કહ્યું કે, અમને આશા છે કે સંપૂર્ણ પ્રક્રિયા યોગ્ય રીતે પૂરી થશે. કોરોના મહામારી દરમિયાન સરકારની ખોટી નીતિઓએ ઘણું નુકસાન પહોંચાડ્યું છે.

## ભારતમાં અત્યાર સુધી છ દિવસમાં ૧૦.૫ લાખ લોકોને કોરોના વેક્સિન અપાઈ

*ન્યુ દિલ્હી,તા.૨૨*

ભારતે વૈશ્વિક મહામારી કોરોના સામે સહિયારી અને મક્કમતાપૂર્ણ જંગમાં નોંધપાત્ર સીમાચિહ્ન પાર કર્યું છે. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ સવારે ૭ વાગ્યા સુધીમાં દેશવ્યાપી કોવિડ-૧૯ રસીકરણ કવાયત અંતર્ગત અંદાજે ૧૦.૫ લાખ (૧૦,૪૩,૫૩૪) લાભાર્થીઓને રસી આપવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૩૭,૦૫૦ લોકોને ૪,૦૪૯ સત્રોમાં રસી આપવામાં આવી હતી. આજ દિન સુધીમાં કુલ ૧૮,૧૬૭ સત્રો યોજવામાં આવ્યા છે.

પરીક્ષણ મોરચે પણ ભારતમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. પરીક્ષણોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં કરવામાં આવેલા વિસ્તરણના પરિણામે ભારતમાં વૈશ્વિક મહામારી સામેની જંગને ખૂબ જ વેગ મળ્યો છે. ભારતમાં કુલ પરીક્ષણોનો આંકડો ૧૯ કરોડ કરતાં વધુ થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮,૦૦,૨૪૨ નમૂનાનું પરીક્ષણ કરવામાં આવ્યું છે જેના કારણે ભારતમાં કુલ પરીક્ષણોની સંખ્યા વધીને ૧૯,૦૧,૪૮,૦૨૪ થઈ ગઈ છે.

સઘન અને વ્યાપક સંખ્યામાં પરીક્ષણોના કારણે પોઝિટીવિટી દરમાં પણ નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. આદે એકંદરે પોઝિટીવિટી દર ઘટીને ૫.૫૯% નોંધાયો છે. છેલ્લા કેટલાક સપ્તાહથી સતત જળવાઈ રહેલા વલણના કારણે ભારતમાં નોંધાયેલા કુલ પોઝિટીવ કેસમાંથી સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧.૭૮% થઈ ગઈ છે. ભારતમાં કુલ સક્રિય કેસનું ભારણ હાલમાં ૧,૮૮,૬૮૮ છે.

છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૮,૦૦૨ કેસ સાજા થયા હોવાનું નોંધાયું છે. આના કારણે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કુલ સક્રિય કેસની સંખ્યામાં ૩,૬૨૦ દર્દીઓનો ચોખ્ખો ઘટાડો નોંધાયો છે.

### પરાક્રમ દિવસની ઉજવણીમાં સામેલ થઈ સંબોધન કરશે

## વડાપ્રધાન મોદી આજે કોલકાત્તા-આસામની મુલાકાત લેશે

*ન્યુ દિલ્હી,તા.૨૨*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિના વર્ષની ઉજવણી કરવા ૨૩ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ 'પરાક્રમ દિવસ'ની ઉજવણીમાં સંબોધન કરવા કોલકાતાની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી ૧.૦૬ લાખ જમીનના પટ્ટા/ફાળવણીના પ્રમાણપત્રોનું વિતરણ કરવા આસામમાં શિવસાગરમાં જેરેન્ગા પઠારની મુલાકાત પણ લેશે.

પ્રધાનમંત્રી કોલકાતામાં વિક્ટોરિયા મેમોરિયલમાં 'પરાક્રમ દિવસ'ની ઉજવણીનાં ઉદ્ઘાટન સમારંભની અધ્યક્ષતા કરશે. નેતાજીના અદમ્ય જુસ્સા અને દેશ માટે નિઃસ્વાર્થ સેવાને સન્માનિત કરવા અને એને યાદ કરવા ભારત સરકારે દર વર્ષે ૨૩ જાન્યુઆરીને 'પરાક્રમ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે, જેથી દેશના લોકોને, ખાસ કરીને યુવા પેઢીને નેતાજીના આદર્શોને જીવનમાં ચરિતાર્થ કરવા પ્રેરિત કરી શકાશે. વળી આ ઉજવણીનો ઉદ્દેશ દેશવાસીઓને નેતાજીએ પડકારનો જે રીતે દ્રઢતાપૂર્વક કામ કરીને સામનો કર્યો અને રાષ્ટ્રવાદની ભાવના દેશવાસીઓમાં જગાવી એમાંથી પ્રેરણા લેવા પ્રેરિત કરવાનો પણ છે.

આ પ્રસંગે નેતાજી પર કાયમી પ્રદર્શન અને પ્રોજેક્શન મેપિંગ શૉનું ઉદ્ઘાટન થશે. પ્રધાનમંત્રી સ્મૃતિ સિક્કા અને પોસ્ટ ટિકિટને પણ જાહેર કરશે. વળી નેતાજીના જીવનકવન પર આધારિત એક સાંસ્કૃતિક કાર્યક્રમ "આમ્રા નૂતોન જૂબોનેરી દૂત"નું આયોજન પણ થશે.

આ કાર્યક્રમ અગાઉ પ્રધાનમંત્રી કોલકાતાનાં રાષ્ટ્રીય પુસ્તકાલયની મુલાકાત લેશે, જ્યાં "રિ-વિઝિટિંગ ધ લીગસી ઓફ નેતાજી સુભાષચંદ્ર ઈન ધ ૨૧સ્ટ સેન્ચુરી" આંતરરાષ્ટ્રીય પરિષદ અને આર્ટિસ્ટ્સ કેમ્પનું આયોજન થયું છે. પ્રધાનમંત્રી કલાકારો અને પરિષદના સહભાગીઓ સાથે સંવાદ કરશે.

આ અગાઉ દિવસની શરૂઆતમાં પ્રધાનમંત્રી આસામમાં શિવસાગરમાં ૧.૦૬ લાખ જમીન પટ્ટા/ફાળવણીના પ્રમાણપત્રોનું વિતરણ કરશે.

### બાઇડન સરકારે ભારતને મહત્ત્વપૂર્ણ ભાગીદાર ગણાવ્યું

## ભારત-અમેરિકાના સંબંધો મજબૂતી સાથે આગળ વધતા રહેશે

*વૉશિંગ્ટન,તા.૨૨*

અમેરિકાની નવી સરકાર તરફથી એક એવું નિવેદન આવ્યું છે, જેથી ભારત વિરોધી ચીન અને પાકિસ્તાનની ચિંતા વધવાનું નક્કી છે. અમેરિકાએ ભારતને મહત્વપૂર્ણ ભાગીદાર ગણાવતાં કહ્યું કે બંને દેશોના સંબંધ મજબૂતી સાથે આગળ વધતા રહેશે. ચીન અને તેના ગુલામ પાકિસ્તાન એમ વિચારતા હતા કે ટ્રમ્પની વિદાય સાથે ભારત-અમેરિકાના સંબંધ પ્રભાવિત થશે, જેનો લાભ કોઈને કોઈ રૂપમાં તેમને મળશે. જોકે હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે જો બાઈડેનભારત સાથે સંબંધોને નવી ઉંચાઈ પર પહોંચાડશે.

વ્હાઈટ હાઉસની પ્રેસ સચિવ જેન સાકીએ કહ્યું કે અમેરિકાના ૪૬મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લેનાર જો બાઈડેન ભારત-અમેરિકાની વચ્ચે સફળ દ્વિદળીય સંબંધોનું સન્માન કરે છે. દૈનિક સંવાદદાતા સંમેલનમાં બોલતાં કહ્યું તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ બાઈડેનએ ઘણીવાર ભારતનો પ્રવાસ કર્યો છે. તે ભારતની સાથે અમેરિકાના સંબંધોનું સન્માન કરે છે અને આ આગળ પણ ચાલુ રહેશે. કમલા હૈરિસના ઉપરાષ્ટ્રપતિ બનાવવા પર જેન સાકીએ કહ્યું કે કોઈ ભારતીય-અમેરિકન ઉપરાષ્ટ્રપતિ બનવા નિશ્ચિતરૂપથી અમે તમામ માટે એક ઐતિહાસિક ક્ષણ છે અને તેનાથી ભારત-અમેરિકાના સંબંધ પહેલાં અને મજબૂત થઈ ગયા છે. તેમણે કહ્યુ કે બંને દેશો વચ્ચે ખૂબ સારા સંબંધ રહ્યા છે અને નવા રાષ્ટ્રપતિ આ પરંપરાને આગળ વધારવા માંગે છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૪૫૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૫૮૨૬૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૨**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૭૦૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૪૮૭૫૦**

### ભાજપમાં જોડાય તેવી અટકળો શરૂ

## મમતા બેનર્જીને મોટો ઝટકોઃ વનમંત્રી રાજીવ બેનર્જીએ રાજીનામું આપ્યું

*કોલકાત્તા,તા.૨૨*

પશ્ચિમ બંગાળમાં આગામી થોડા મહિનાઓમાં ચૂંટણી થવાની છે. આ પહેલાં મુખ્યમંત્રી મમતા બેનર્જીની મુશ્કેલીઓ વધી રહી છે. શુક્રવાર (૨૨ જાન્યુઆરી)એ રાજયના વનમંત્રી રાજીવ બેનર્જીએ રાજીનામું આપી દીધું છે. આ પહેલાં ૫ જાન્યુઆરીએ ખેલમંત્રી લક્ષ્મી રતન શુક્લાએ પણ રાજીનામું આપી દીધું છે.

મમતાને લખવામાં આવેલા પત્રમાં રાજીવે જણાવ્યું છે કે તેઓ કેબિનેટમાંથી રાજીનામું આપી રહ્યા છે. જોકે તેમણે આ વિશેના કારણની કોઈ સ્પષ્ટતા કરી નથી. પત્રમાં લખ્યું છે કે પશ્ચિમ બંગાળના લોકોની સેવા કરવાનો મને મોકો મળ્યો, એ માટે હું ખૂબ આભારી છું. રાજીવ બેનર્જી દોમજુરથી ધારાસભ્ય છે. રાજીવે રાજીનામું ગવર્નર જગદીપ ધનખડને મોકલ્યું છે.

આ પહેલાં ૧૯ ડિસેમ્બરે ટીએમસી છોડી ચૂકેલા અને મમતાના ખાસ રહેલા પૂર્વ મંત્રી શુભેંદુ અધિકારી ભાજપમાં જોડાઈ ગયા છે. તેમની સાથે સાંસદ સુનીલ મંડલ, પૂર્વ સાંસદ દશરથ તિર્કી અને ૧૦ સ્ન્દછએ પણ ભાજપ જોઈન કરી લીધું છે. તેમાંથી ૫ ધારાસભ્ય તૃણમૂલ કોંગ્રેસના જ હતા. આ પહેલાં તાપસી મંડલ, અશોક ડિંડા, સુદીપ મુખર્જી, સૈકત પાંજા, શીલભદ્ર દત્તા, દીપાલી બિશ્વાસ, શુક્ર મુંડા, શ્યાંપદા મુખર્જી, બિશ્વજિત કુંડુ અને બનશ્રી મૈતી ગયા મહિને ભાજપમાં સામેલ થયાં છે.

## તંત્રી સ્થાનેથી...

# વૈશ્વિક મહાસત્તા બનવું એ કોઈ ઢીગલા ઢીંગલીના ખેલ છે.....?

વિશ્વના દેશોની નજર ડોનાલ્ડ ટ્રમ્પને કારણે અમેરિકા પર મંડરાયેલી હતી... કારણ રાષ્ટ્રપતિપદની ચૂંટણી હાર્યા છતા ટ્રમ્પ હાર સ્વીકારવા તૈયાર ન હતા. પોતાની સત્તા લાલસા અને ઘમંડી સ્વભાવે અમેરિકામાં અરાજકતા ભરી સ્થિતિ પેદા કરી દીધી. પોતાની જીત થઈ છે તે પ્રકારે ન્યાય મેળવવા વિવિધ કોર્ટોમાં કેસો ઠોકી દીધા પરંતુ લોકશાહી અમેરિકાના બંધારણ અને કાનુનને નહિ સમજેલા તુંડમિજાજી ટ્રમ્પને એક પછી એક કોર્ટે ચૂંટણીમાં ખોટું થયું નથી અને જો બાઈડેનને વધુ મત મળ્યા છે તેમ કહીને ઝટકા આપી દીધા.... પરંતુ આ તો ટ્રમ્પ અને તેમાં પણ સત્તાલાલસા એટલે દરેક પ્રક્રિયાઓમાં હાર્યા બાદ પોતાના સમર્થકોને ઉશ્કેર્યા અને લોકશાહી અમેરિકામાં ધાધલ ધમાલ મચાવરાવી દીધી જેમા તેજસ્વિ તર્રાટ ગણાતી એફબીઆઈ, અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટ, જાસુસી સંસ્થાઓ અને પોલીસ સુધ્ધાને અણસાર ન આવ્યો કે તોફાનો થશે...આને શું કહેવાય....?કહેવાય છે કે શાસક નબળો તેની સંસ્થાઓ નબળી અને આ બાબત અમેરિકામાં ટ્મ્પની હાર પછી એક પછી એક બનતી જઇ રહેલી ઘટનાઓ બતાવે છે કે ટ્રમ્પનુ નબળું શાસન.....! ટૂંકમાં નબળો શાસન કરતા પોતાને નીચેની સંસ્થાઓની ઘોર ખોદી નાખી દેશને પાયમાલ કરી નાખી શકે છે.....! પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સમર્થકોને એ હદે ઉશ્કેર્યા હતા કે આ તોફાનીઓએ કેપિટલ હિલ ઉપર હુમલો કરી દીધો કે જ્યારે સદનની કાર્યવાહી ચાલી રહી હતી જેમાં જો બાઈડેન અને કમલા હેરિશની જીત ઉપર મહોર મારવાની મારવાની પ્રક્રિયા ચાલી રહી હતી. જે તત્કાળ રોકી દેવામાં આવી અને પોલીસને ગોળીબાર કરવાની ફરજ પડી તો કેટલાકની ધરપકડ કરી ત્યારે ધમાસણ બંધ થયું.... છતાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ બની રહી. પછી સદને અમેરિકાના ૪૬ મા નવા રાષ્ટ્રપતિ તરીકે જો બાઈડેન અને નવા ઉપરાષ્ટ્રપતિ તરીકે કમલા હેરિશની જીતને મંજૂરીની મહોર મારી હતી. આ બધું છતાં ૨૦ મી જાન્યુઆરીએ વોશિંગ્ટન ડીસીને ૨૫૦૦૦ સુરક્ષા દળના જવાનો વચ્ચે મૂકી દઈને સઘન બંદોબસ્ત વચ્ચે જો બાઈડેને અને કમલા હેરિશે શપથ લીધા. ત્યાર બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે જો બાયડેને જે સંબોધન કર્યું તેમાં ભારતના ભાઈચારાની ભાવના અને ભારતીય સંસ્કૃતિ તો દેખાઈ આવી પરંતુ બાઈડેને જે અગત્યના આદેશો પર હસ્તાક્ષર કર્યા તેનાથી વિરોધીઓની બોલતી બંધ થઈ ગઈ....! હવે જો બાઈડેન સામે સૌથી મોટો પ્રશ્ન અમેરિકાની એકતાનો છે અને તેમાં પણ અમેરિકામાં વ્યાપક સામાજિક અસમાનતા દૂર કરવાનો છે....!

વિશ્વમાં મહાસત્તા બનવું એ કોઈ ઢીંગલા ઢીંગલીના ખેલ નથી. ચીને કોરોના મહામારીમા વિશ્વના મોટા ભાગના દેશો સપડાયેલા હતા તે સમયમાં અમેરિકાનુ ચલણ વિશ્વસ્તરે ખતમ કરી મહાસત્તા બનવા માટે અનેક પ્રકારના વ્યુહ અપનાવ્યા હતા... પરંતુ આખરે ચીનને પછડાટ ખાવી પડી... કારણ વિશ્વમાં અમેરિકા જાગૃત લોકશાહી દેશ છે.અને વિશ્વ પર બાજ નજર રાખે છે. જો કે અમેરિકાના ઇતિહાસમાં પહેલી વખત બન્યું કે શાસન પર બિરાજમાન રાષ્ટ્રપતિ બીજી વખતમાં હારી ગયા. અમેરિકી મતદારોએ ટ્રમ્પની વાતોમાં આવી રાષ્ટ્રપતિ પદે બેસાડી દીધા ત્યારબાદ ટ્રમ્પે એક પછી એક એવા નિર્ણયો લીધા કે ભારતીયો અને અનેક એશિયાનો સહિતનાની જિંદગી કટોકટીમાં મૂકી દીધી હતી.....!જો કે નવા રાષ્ટ્રપતિ જો બાઈડેને ટ્રમ્પના લેવામાં આવેલ નિર્ણયો ઉપર એક ઝાટકે કૂચડો ફેરવી દઇ લાખો લોકોને નાગરિકતા આપી દીધી તો ભારતીય મૂળના ૧૯ જેટલા લોકોને પોતાની ટીમમાં સ્થાન આપી ભાતૃભાવની ભાવના દર્શાવી દીધી છે. અમેરિકા એમ જ મહાસત્તા કે મહાન લોકશાહી દેશ નથી કહેવાતો અહીં સાચા અર્થમાં સાચી લોકશાહી છે.... કારણ વ્હાઈટ હાઉસની પ્રેસ કોન્ફરન્સમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ ને પૂછે છે કે તમે બોલેલા જૂઠ પર તમને કોઈ અફસોસ છે...?. ત્યારે ટ્રમ્પ કહે કોણ જુઠ બોલે છે...? પત્રકાર કહે તમે.....છતા પત્રકાર પર દેશદ્રોહનો કેસ નથી થતો કે કોઈ અન્ય કેસ થતો.. જ્યારે રાજ્યના ગવર્નર રાષ્ટ્રપતિની વિરોધમાં જઈ લોકડાઉન કરી શકે છે.... રાજ્યનો પોલીસવડો રાષ્ટ્રપતિને ભાન ન પડતી હોય તો મોઢું બંધ રાખો તેમ કરી શકે છે. રાષ્ટ્રપતિનું ભાષણ ન્યુજ ચેનલો પર ચાલુ હોય ત્યારે રાષ્ટ્રપતિ જૂઠું બોલતો હોય તો અધવચ્ચે જ તેનું પ્રસારણ બંધ કરી દે અને આ વ્યક્તિ સતત જુઠ્ઠુ બોલી રહ્યો છે-જૂઠાણુ ફેલાવી રહ્યો છે તેમ જાહેર કરી શકે છે....આવા છે મહાસત્તા બનવાના લક્ષણો-સંસ્કારો..... એમજ કાંઈ મહાસત્તા નથી બની શકાતું....! અને તેમાં પણ ચીન મહાસત્તા બનવાના સપના જુએ કે જે જીન પી સીગની જોહુકમી હેઠળ દબાયેલું છે......!? વંદે માતરમ્

# અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં બદલીઓનો સીલસીલો યથાવત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે બુધવારે ૩૫ કર્મીઓની આંતરીક બદલી કર્યા બાદ સતત બીજા દિવસે વધુ ૧૩ પોલીસકર્મીઓની આંતરીક બદલીનો ગંજીપો ચીપતા પોલીસ બેડામાં કહી ખુશી કહી ગમ જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે જીલ્લા પોલીસતંત્રમાં સતત થઇ રહેલા ઉલટફેર થી પોલીસકર્મીઓ પણ થાપ ખાઈ રહ્યા છે


અરવલ્લી એસપી સંજય ખરાત ચાર્જ સંભાળ્યા બાદ જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરીની સતત સમીક્ષા કરી રહ્યા છે કેટલાક પોલીસકર્મીઓની બુટલેગરો સાથે ભાઈબંધી બહાર આવતા સસ્પેન્ડ પણ કરી દીધા છે ગુરુવારે વધુ એક વાર જાહેરહીત પદર ખર્ચે ૧૩ પોલીસકર્મીઓની સાગમેટે બદલી નો હુકમ કર્યો હતો જેમાં મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના ત્રણ,હાઈવે ટ્રાફિકના બે, જીલ્લા ટ્રાફીકમાંથી ૧ અને હેડક્વાટર ખાતે ફરજ બજાવતા ત્રણ તેમજ જીલ્લાના અન્ય પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મીઓની બદલી કરી દેતા પોલીસ બેડામાં વધુ એક ઉલટફેર જોવા મળી રહ્યો છે

અરવલ્લી પોલીસ અને તેમની કામગીરી કોઈને કોઈ કારણોસર હંમેશા ચર્ચા સ્થાને રહી છે.છેલ્લા કેટલાક સમયથી ગૃહખાતાની આડપંપાળ અને ભ્રષ્ટ અધિકારીઓની કારણે જિલ્લા પોલીસની છાપ ખરડાયેલી છબીને સુધારવાનો સતત પ્રયત્ન થઇ રહ્યો હોવાનું પોલીસતંત્રમાં ચર્ચાઈ રહ્યું છે

## વડાપ્રધાને આસામની તેજપુર યુનિ.ના દીક્ષાંત સમારોહમાં સંબોધન કર્યું

# આપણી વેક્સિને સમગ્ર દુનિયાને સુરક્ષાનો વિશ્વાસ અપાવ્યો: મોદી

### ટીમ ઈન્ડિયાની જીત પર મોદી ફિદા, કહ્યું- અમુક ખેલાડીઓનો અનુભવ ઓછો હતો, પરંતુ મનોબળ દૃઢ હતું, તેમણે ઈતિહાસ રચી દીધો



*ન્યુ દિલ્હી,તા.૨૨*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસામની તેજપુર યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં વિડિયો-કોન્ફરન્સ દ્વારા સંબોધન કર્યું હતું. આ દરમિયાન વડાપ્રધાને ટીમ ઈન્ડિયાની ઓસ્ટ્રેલિયામાં જીત વિશેનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે ઓસ્ટ્રેલિયા રમવા ગયેલા આપણા અમુક ખેલાડીઓનો ભલે અનુભવ ઓછો હતો, પરંતુ તેમનું મનોબળ દૃઢ હતું. મોકો મળતાં તેમણે ઈતિહાસ રચી દીધો.

પોતાની ક્ષમતા પર વિશ્વાસ હોવો જોઈએ, જો તમે એવું કરશો તો મુશ્કેલ કામ પણ સરળ થઈ જશે. પોઝિટિવ વિચાર સાથે આગળ વધો, એનાથી બધાં કામ પોઝિટિવ થશે. સુરક્ષિત નીકળવાનો અને મુશ્કેલ જીતનો વિકલ્પ હોય તો આપણે જીતનો ઓપ્શન પસંદ કરવો જોઈએ. એ પ્રયત્નમાં અમુક અમુક વાર હાર પણ મળે છે, એનાથી આપણે ડરવું ન જોઈએ.

તમે જોયું હશે કે કોરોનાકાળમાં આત્મનિર્ભરનું સપનું આપણા અભિયાનમાં સમાઈ ગયું. આપણાં પ્રયત્નો, સફળતાનો આપણે અનુભવ કર્યો છે, પરંતુ આ અભિયાન છે શું? શું ફિઝિકલ સ્ટ્રક્ચરમાં ફેરફાર છે? સૌથી મોટો ફેરફાર ઈન્સ્ટિક્ટનો છે. દરેક સમસ્યાને ટક્કર આપવા માટે દેશનો મૂડ હવે બદલાઈ ગયો છે. તાજેતરમાં જ ઓસ્ટ્રેલિયા ટૂરમાં દેશનું ટેમ્પરામેન્ટ જોવા મળ્યું છે. પહેલી મેચમાં ખરાબ રીતે હાર થઈ, પરંતુ પછી યુવા ખેલાડીઓએ ચેલેન્જનો સામનો કર્યો. નવા સમાધાન શોધ્યા.

કોરોનામાં આપણે ઘણી ઝડપથી ઘણા નિર્ણયો લીધા, તેથી આપણે તેને સફળતાથી ટક્કર પણ આપી શક્યા. મેડ ઈન ઈન્ડિયા સોલ્યુશનથી વાઈરસની અસર પણ ઓછી કરી. આપણી વેક્સિનની ક્ષમતા ભારત જ નહીં, દુનિયાને પણ સુરક્ષાકવચનો વિશ્વાસ અપાવી શકે છે. જો આપણે આપણા ડોક્ટર્સ, રિસર્ચર્સ પર વિશ્વાસ ન કરત તો શું આ શક્ય હોત? જો આપણે એવું વિચારી લઈએ કે ઓછો શિક્ષિત દેશ હોવા છતાં દેશની મોટા ભાગની વસતિ ડિજિટલ ટ્રાન્ઝેક્શન કેવી રીતે કરી શકશે, તો આપણે પાછા પડી જઈશું. એનાથી ઊલટું આપણે ઘણું સારું કરીને બતાવ્યું છે.

પીએમ મોદીએ ડિગ્રી મેળવનારા યુવાઓને કહ્યું કે, "આજે ૧૨૦૦થી વધારે વિદ્યાર્થીઓ માટે જીવનભર યાદ રહેનારી ક્ષણ છે. તમારા શિક્ષક, તમારા માતા-પિતા માટે પણ આજનો દિવસ ઘણો જ મહત્વનો છે. સૌથી મહત્વની વાત કે આજથી તમારા કેરિયર સાથે તેજપુર વિશ્વવિદ્યાલયનું નામ હંમેશા માટે જોડાઇ જશે." તેમણે કહ્યું કે, "અમારી સરકાર આજે જે રીતે નૉર્થ-ઈસ્ટના વિકાસમાં લાગી છે, જે રીતે કનેક્ટિવિટી, શિક્ષણ અને સ્વાસ્થ્ય દરેક સેક્ટરમાં થઈ રહ્યા છે, તેનાથી તમારા માટે અનેક નવી સંભાવનાઓ બની રહી છે. આ સંભાવનાઓનો સંપૂર્ણ લાભ ઉઠાવો.

# કર્ણાટકના શિવમોગામાં ડાયનામાઈટ બ્લાસ્ટ: ૮નાં મોત

*બેંગ્લુરૂ,તા.૨૨*

કર્ણાટકના શિવમોગામાં મોડીરાત્રે ડાયનામાઈટ બ્લાસ્ટમાં ૮ લોકોના મોત થયાના સમાચાર છે. કર્ણાટકના કેટલાક ભાગોમાં મોડી રાત્રે આંચકા અનુભવાયા હતા. બેંગલુરુથી લગભગ ૩૫૦ કિલોમીટર દૂર આવેલા શિવમોગામાં લોકોએ જોરથી અવાજ સાંભળવાની વાત કરી છે. આ ઘટના ૨૧ જાન્યુઆરીએ રાત્રે ૧૦.૨૦ વાગ્યે બની હતી. વિસ્ફોટ એટલો ઝડપી હતો કે ઘણા મકાનોના કાચ તૂટી ગયા હતા. લોકો અનુમાન લગાવી રહ્યા હતા કે આ અવાજ ભૂકંપ હોઈ શકે છે અથવા જેટના પરીક્ષણવી હોઈ શકે છે. પરંતુ હવે ખબર પડી છે કે તે ડાયનામાઈટ બ્લાસ્ટ હતો. આ બ્લાસ્ટ અંગે મુખ્યમંત્રી યેદિયુરપ્પાએ ઉચ્ચ તપાસના આદેશ આપ્યા છે અને દોષિતોને કડક સજા કરવાની વાત કરી છે.

ઘટના અંગે સોશિયલ મીડિયા પર પહેલેથી જ બ્લાસ્ટમાં કેટલાય લોકોના મોતના સમાચાર વહેતા થયા હતા. હવે શિવમોગાના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ શિવકુમારે કહ્યું છે કે હુનાસોડુ ગામમાં રેલ્વે ક્રશર સાઈટ પર થયેલો બ્લાસ્ટ ડાયનામાઈટનો હતો, જેમાં ઓછામાં ઓછા ૮ લોકોનાં મોત નીપજ્યાં છે. વિસ્ફોટ શિવમોગા શહેરથી આશરે ૬ કિ.મી.ના અંતરે થયો હતો. અત્યારે પોલીસ સ્થળ પર છે અને આખા વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે. પોલીસ ફોર્સ સ્થળ પર હાજર છે અને ઘટનાના કારણ અને ગંભીરતાની તપાસ કરવાના પ્રયાસો ચાલુ છે.

વિસ્ફોટના અવાજ સાંભળીને લોકો ગભરાઈ ગયા હતા અને ઘરથી બહાર આવી ગયા અને શેરીઓમાં ભેગા થઈ ગયા. લોકો એક-બીજા સાથે વાત કરી રહ્યા હતા કે અવાજ શેનો છે. લોકો ભૂકંપ છે કે કંઈક બીજુ તેવા પણ સવાલો કરી રહ્યા હતા.

શિવમોગામાં થયેલો ડાયનામાઈટ બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે, આસપાસના કેટલાય ઘરોના કાચ તૂટી ગયા હતા. એટલું જ નહીં, કેટલાય મકાનોના દિવાલમાં તિરાડો પડી ગઈ અને છત પણ ધરાશાયી થઈ ગઈ. જેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. થોડા મહિના પહેલા મે મહિનામાં પણ બેંગલુરુમાં એવો જ ધડાકો થયો હતો. જેથી લોકો ખૂબ જ ડરી ગયા હતા. પરંતુ પાછળથી એવું બહાર આવ્યું હતું કે ભારતીય વાયુસેનાના ફાઈટર જેટએ પરીક્ષણ દરમિયાન સોનિક બૂમ બૈરિયર તોડ્યું હતું.


NEW
Vice President
KAMALA HARRIS



Senator Kamala Harris becomes the first black women of to be the Vice President of the most powerful democratic nation on 20th January 2021

Senator Harris was born in California on October 20, 1964. Her mother, Dr Shyamala Gopalan, a biologist with interest in the work in the progesterone receptor gene stimulated advances in breast cancer research had arrived in the United States from Tamil Nadu in India in 1958. Her father, Donald J. Harris a Stanford University professor emeritus of economics, who arrived in the United States from British Jamaica in 1961 and received PhD in economics in 1966. She had lived in West Berkeley, an area often called the "flatlands" with a significant black popul

She says she has been strongly influenced by her maternal grandfather P. V. Gopalan, a retired Indian civil servant whose progressive views on democracy and women's rights impressed her. Harris has remained in touch with her Indian aunts and uncles throughout her adult life. Harris has also visited her father's family in Jamaica.

She is member of the Democratic Party and served as a United States senator from California from 2017 to 2021, and as the attorney general of California from 2011 to 2017. Kamala Harris was educated at the Howard University and holds BA degree.

# A LETTER TO KAMALA HARRIS

## The Vice President of The United States of America From a British Indian

Senator Kamala Harris (D-CA)
Vice President
United States of America
Washington, D.C.
United States

20th January 2021

Dear Kamala ji,

May I congratulate you for becoming the first black sister as the Vice President of the one of the most powerful nation. Your presence in the administration is beacon of a new down of an era of an inclusive democracy. It is a proud moment for you and your family and indeed for the political party that you represent in the United States of America. Those of us who believe in values of democracy it is a momentous occasion.

I am also appreciative of the leadership that the President Joe Biden have displayed by his commitment to implementing a much needed 'culture change'; indeed a symbolic gesture befitting to the political morality of our generation. Your combined leaderships have reinforced the strength for one of the foundations of democracy by ending with a firm message of good governance to the judiciary, which also includes the Offices of the Attorney General. President Biden has so eloquently expressed the terms of for modus operand for his administration based upon upholding "the honour, the integrity, the independence" of the public institutions. And, the loyalty to the law and the people of the nation.

My admiration for the new President is reflected in his courage in confronting the evils of racial hate and setting standards in the public discourse to follow with regards to '*every life matters*' in your country. His vision places an immortal value on every soul of your nation, confirming a faith in humanity once again. Your administration has shown a brilliant light on the concept of embracing diversity that should be a guiding principle for every ruler of any nation, because it bonds the people together.

The notable shift is in the economic strategy, though a domestic matter, most significant for the well being of millions of families who struggle for basic survival on daily basis. Mahatma Gandhi once said, "poverty is the worst form of violence". The modern ideology of a wealth creation madness, without any thoughts of an inclusive growth, is meaningless and a disgrace for any society. The people who toil in our streets of the rural and urban pastures are the real strength of the nation. I must congratulate yourself and the President for the efforts of bringing this into a focus of the needs of the masses into the economy of your country.

I was born in India and have made the United Kingdom my home for almost a half of the century, yet India remains in my sentiments and provides a fountain of spiritual guidance. I am hopeful that your administration will have huge affinity with the people of India and political synergies in a common goal that were spoken by the First Prime Minister Pandit Jawaharlal Nehru on the eve of the Independence of India. "The ambition of the greatest man of our generation has been to wipe every tear from every eye. That may be beyond us, but so long as there are tears and suffering, so long our work will not be over".

In 2019, one of your colleagues, the US House Majority Leader Steny Hoyer so aptly invoked this message by saying, "India, like America, is proud of its ancient traditions to secure a future according to Gandhi's teaching and Nehru's vision of India as a secular democracy where respect for pluralism and human rights safeguard every individual,"

May I conclude by saying that you are most fortunate to have been blessed by the All Mighty to serve this great nation and democracy. I pray in my heart that you will have the blessings of millions on your side for your endeavours for the cherished goals that you and President Biden have set out to achieve.

Best wishes and a Happy and safer New Year.

Buddhdev Pandya MBE
buddhdev.pandya@gmail.com




# રાજસ્થાનમાં ત્રણ સ્થળોએ આઈટીના દરોડા: ૧૪૦૦ કરોડની બેનામી સંપત્તિનો ખુલાસો

*જયપુર,તા.૨૨*

રાજસ્થાનના ૩ મોટા ઔદ્યોગિક જૂથો પર ઈક્મટેક્સ વિભાગની કાર્યવાહીમાં કુલ ૧,૪૦૦ કરોડ રૂપિયાની બેનામી સંપત્તિનો ખુલાસો થયો છે. આ રાજસ્થાનની સૌથી મોટી અને દેશની ત્રીજી સૌથી મોટી ઈક્મટેક્સ વિભાગની રેડ હોવાનું કહેવાય છે.

ઈક્મટેક્સ વિભાગ દ્વારા આ કાર્યવાહી બે બિલ્ડર જૂથ અને એક જ્વેલરી ગ્રુપ પર કરવામાં આવી હતી. જેમાં એક બિલ્ડરના માનસરોવર સ્થિત કાર્યાલયના બેઝમેન્ટમાંથી મોટા પ્રમાણમાં લાલ રંગના પોટલા મળ્યા છે. જેમાં પ્રોપર્ટીમાં રોકાણની બેનામી સંપત્તિઓ ખરીદી સબંધી ડૉક્યુમેન્ટ્સ મળ્યા. બીજી તરફ એક જ્વેલર્સના ઘર પર દરોડા દરમિયાન ઈક્મટેક્સ વિભાગને એક સુરંગ મળી આવી છે. જેમાં ૧૭ બોરીઓ ભરીને આર્ટ જ્વેલરી અને એન્ટિક વસ્તુઓ અને સંપત્તિની લેવડ-દેવડના ડોક્યુમેન્ટ્સ મળ્યાં છે. આ જ્વેલર્સની ૫૫૦ કરોડ રૂપિયાની બેનામી સંપત્તિનો ખુલાસો થયો છે.

આ સિવાય લગભગ સવા સો કરોડ રૂપિયાની લોન આપીને વ્યાજ તરીકે મોટી રકમની કમાણી કરવાની વાત સામે આવી છે. આ દરોડામાં જપ્ત કરવામાં આવેલી આઈટમ પર આલ્ફા-ન્યૂમેરિક સિક્રેટ કોડમાં ખરી વેચાણ કિંમત લખેલી હતી. હાલ ઈક્મટેક્સ વિભાગની ટીમ કૉડને ક્રેક કરવાનું કામ કરી રહી છે. જ્યારે સુરંગમાંથી હાર્ડ ડિસ્ક અને પેન ડ્રાઈવ પણ મળી આવી છે. જેમાં કોડ વર્ડમાં વિવિધ વસ્તુઓની વિગતો દર્શાવાયી છે. જ્વેલરી ગ્રુપે વિવિધ વ્યક્તિઓને લોન આપી હતી. જેના પર તે અઢળક વ્યાજની આવક મેળવી રહ્યું છે. આ ગ્રુપે પોતાના કર્મચારીઓ અને કારીગરોના બેંક એકાઉન્ટ થકી આ બેનામી રોકડ આવક દર્શાવી હતી.

આજ રીતે એક મુખ્ય બિલ્ડર અને કૉલેનાઈઝર પર આવકવેરા વિભાગની કાર્યવાહીમાં બેનામી સંપત્તિઓની વિગતો, રોડલ લોન અને એડવાન્સ સિવાય લેવડ-દેવડના વિવિધ રેકોર્ડ કબ્જે કરવામાં આવ્યા છે. આ ગ્રુપની કુલ બેનામી લેવડ-દેવડ ૬૫૦ કરોડ રૂપિયાની આસપાસ હોવાનું અનુમાન છે.

જ્યારે ત્રીજુ ગ્રુપમાં જયપુરના એક બિલ્ડર અને ડેવલોપર્સ છે. જે ફાર્મ હાઉસ, ટાઉનશિપ ડેવલોપમેન્ટનું કામ કરે છે. સર્ચ ઓપરેશનમાં સામે આવ્યું કે, આ ગ્રુપે એરપોર્ટ પ્લાઝામાં એક રિયલ એસ્ટેટ સ્કીમ સંભાળી હતી. જેમાં માત્ર ખાતા બુકમાં ૧ લાખ દર્શાવી હતી. જ્યારે સ્કીન સબંધિત બેલેન્સ શીટમાં ૧૩૩ કરોડ રૂપિયાની લેવડદેવડ હોવાનું સામે આવ્યું છે. આમ અત્યાર સુધી ૨૫ કરોડ રૂપિયાની કુલ અપ્રમાણસર લેવડ-દેવડ ઉજાગર થઈ છે.

# બે શખચલ્લીઓ: ભારતને વિશ્વ ગુરુ બંનવું છે.

એકે કહ્યું કે આ અમેરિકાની ઉપપ્રમુખ જો આમ જોવા જાવ તો એક ભારતીય જ ગણાય.

પણ એ ડેમોક્રેટિક પાર્ટીમાં છે, જો રિપુબ્લીક પક્ષમાં તો આપણા મિત્ર ટ્રમ્પ ને કહીને અડધી તો

ઘર વાપીસી કરી શકત ને?

બીજાએ કહ્યું, ' તો તો તદ્દન ડફોળ જ રહયૉ. ભલે તે અમેરિકામાં હૉય અને સેનેટર હોય પણ એ

નંબર લઇ ગઈ છે.× ''કેમ એમ'?, બીજાએ પૂછ્યું. પેલાએ સમજાવ્યું કે ગમે તેટલી કામમાં બીઝી

હોય તો પણ તે તેની માતા તરફના કુટુંબી જનોને મળવા ભારત તો આવેછે અને એવીજ રીતે તેના

બાપના તરફના સાગા ઓને મળવા જમૈકા પણ જાય છે×.

બીજા ભાઈએ ખુશ થઈને કહ્યું, × જો ને ભારતના આ સંસ્કાર બોલે છે, કેટલી માયાળુ સ્વાભાવ ની છે ને.

પોતાના માણસોને ભૂલતી નથી?

પેલાભાઈએ જોરથી કહ્યું કે આપનો દેશ એટલેતો 'વિષ ગુરુ' બનવું આપણે સહોઉંને સ્વપ્ન છેને.

બાજુમાં એક વડીલ બધું સંભળતા હતા તે બોલ્યા, × હા નરેન્દ્રભાઈ મોદી પણ પુત્રની માના આશીર્વાદ

લેવા ગુજરાત આવે છે ને×. ત્રણે વચ્ચે સહમતી થઇ કે આ ખુબજ સારી વાત છે.

એક રમતિયાળ જુવાનિયો ઓટલા ઉપર બેસી સાંભળતો હતો તે બોલ્યો, × તો ભઈલાઓ આ રાહુલ ગાંધી

તેની દાદીને મળવા ઇટાલી જાય તો તમને શું ચૂક આવે છે? નિકળ્યાછે વિશ્વ ગુરુ બનવા.

પેલા બંને શેખચલ્લીઓ બોલી ઉઠ્યા, પણ એતો કોગ્રેસીઓ છે ને!.

# પૈસા ઓછા હતા પણ સુખ ખુબ હતુ.....

હમણાં એક મીત્ર સાથે વાત થઈ

અને અચાનક યાદ આવ્યુ કે આપણે આખર તારીખ તો ભુલી જ ગયા

હું નાનો હતો ત્યારે ૨૦ તારીખ પછી કોઈ વસ્તુની માગણી કરતો ત્યારે પપ્પા કહેતા બેટા આખર તારીખ ચાલે છે, પગાર આવે એટલે લાવી આપીશ

આખર તારીખ કોને કહેવાય તે વાત તો મારા બાળકોને ખબર જ નથી અરે, હું પણ ભુલી ગયો

પહેલા પહેલી તારીખ કયારે આવે તેનો મને ઈંતઝાર રહેતો હતો,

પચાસ વારના નાનકડા ઘરમાં અમે છ રહેતા, પણ લાગતુ કે દુનિયાના સૌથી સુખી અમે છીએ

પૈસા ઓછા હતા

ઘર નાનુ હતું

સગવડો ન્હોતી

પણ સુખ હતું

૧ તારીખે પપ્પા ઓફિસેથી આવતા કઈક ખાવાની કઈક વસ્તુ લઈ આવતા (બસો ગ્રામ દાલવડા બીસ્કીટ પાપડી) અને અમે સાથે બેસી નાસ્તો કરતા બસ પેટ અને મન બનને સંતુષ્ટ થઈ જતા, બહારનો નાસ્તો મહિને એક જ વખત થતો હતો. અને તે પણ પગાર આવે ત્યારે

વાત આખર તારીખની હવે તે વાત જ ભુલાઈ ગઈ, મારા બાળકોને આખર તારીખ કોને કહેવાય તેની ખબર નથી અને હું પણ તેમને હમણાં પૈસા નથી પગાર આવે એટલે લાવીશુ તેવુ કહેતો નથી

તેના ઘણા કારણો છે પણ તેની ચર્ચા અહિયા કરવી નથી.

પણ સુખ કઈ બાબતોમાં હતુ

(૧) આમ તો મહિનો છેલ્લે દિવસ હોય તેને આખર તારીખ કહેવાય એટલે ૩૦ અથવા ૩૧ આ દિવસે શાળા બે પિરીયડ વહેલી છુટતી હતી એટલે મહિનાના છેલ્લાં દિવસે ઘરે જઈ વધુ રમવા મળશે તેનો આનંદ હતો.

(૨) ઘરે કોઈ સાયકલ લઈ આવે તો તેને સ્પર્શ કરી જોતો, મને થતુ કે મારી પાસે કયારે સાયકલ આવશે

મારા પપ્પાએ જયારે મને પહેલી વખત તેમની સાયકલ આપી અને ડંડાની વચ્ચેથી અડધા પેડલ મારી સાયકલ ચલાવતા શીખ્યો ત્યારે લાગ્યુ અરે વ્હા મઝા આવી ગઈ, આ ક્ષણનો તો કેટલીય જીંદગીઓથી ઈંતઝાર કરતો હતો.

(૩) ઘરે કોઈ મહેમાન આવે તો ઘરમાં બધાને સારૂ લાગતુ હતું, વાતો કરીશુ જમવામાં મમ્મી કઈ સારૂ બનાવશે મોડા સુધી જાગતા

મહેમાન જાય ત્યારે તેમને છેક એસટી કે બસ સ્ટેન્ડ સુધી મુકવા જતા હતા, મહેમાન ગયા પછીનું ઘર ખાવા દોડતુ હતું

(આજે - અરે, મારી ટીવી સિરીયલ વખતે કયાં કોઈ આવ્યુ તેવુ થાય ઘરની બહાર સુધી પણ મુકવા જવાની વાત તો દુરની રહી.)

(૪) વેકેશન પણ સુખ હતુ મામાના ઘરે કાકાને ત્યાં દિવસોના દિવસો રહેતા હતા, ઉનાળુ વેકેશનમાં પરસેવે રેબઝેબ થઈ જતા છતાં લાગતુ કે આપણે સ્વીઝરલેન્ડમાં આવી ગયા.

(૫) સ્કુલ બેગ એટલે કપડાની થેલી રહેતી, તેને દફતર કહેતા, કયારે ઘરમાં શાકની થેલીના ના મળે તો મમ્મી અમારા ચોપડા બહાર કાઢી શાક લઈ આવતી અને ફરી પાછુ અમારુ દફતર થઈ જતું, સ્કુલમાં કોઈ મીત્ર પતરાની અથવા એલ્યુમીનમની બેગ લઈ આવે તો લાગતુ બહું માલદાર પાર્ટી છે.

(૬) વરસાદ પડે તો ન્હાવાનો આનંદ તો રહેતો, અને ખોચામણી રમવા મળશે તેનો રોમાંચ કઈક જુદો જ હતો, નકામી માચીસ ઉપરના ફોટા, લખોટી જો મળી જાય તો હમણાંની કોઈ વીડીયો ગેઈમ મળી હોય તેવી મઝા પડતી.

(૭) ફિલ્મ જોવી એટલે એવરેસ્ટ ચઢવા જેવુ કામ હતું, કારણ તેની ટીકીટ લેવા માટે એકાદ કલાક લાઈનમાં ઉભા રહેવુ પડતુ

થીયેટર ઉપર એક પડછંદ પઠાણ ઉભો રહેતો તેને લાલો કહેતા, તેનું કામ ટીકીટ લેવા આવનારને લાઈનમાં ઉભા રાખવાનું હતું, લાઈન તોડનારને તે લાકડી લાકડીએ ફટકારતો, માર ખાઈને પણ લોકો લાઈનમાં ઉભા રહેતા

લાઈનમાં ઉભા હોઈએ ત્યારે તમામ ઈષ્ટદેવોને યાદ કરી કહેવાનું કે ભગવાન મારો નંબર ટીકીટ બારી સુધી આવે ત્યાં સુધી ટીકીટ બારી ચાલુ રાખજે અને ટીકીટ મળે ત્યારે અમેરીકાના વીઝા જેટલો આનંદ થતો હતો.

(૮) લગ્નમાં જમવા જવાનું હોય તો તેની કેટલાંય દિવસો પહેલા તૈયારી ચાલતી હતી, ત્યારે લગ્નમાં પંગત બેસતી એટલે મહેમાનોને પાટલા ઉપર બેસાડી જમાડતા. જો પહેલી પંગતમાં જમવા મળે તો વીઆઈપી હોવાનો અહેસાસ થતો હતો.

(૯) નવા કપડા તો દિવાળી જ મળે

(૧૦) આખી સોસાયટીમાં પહેલા એક જ સજ્જન ના ઘરે ફ્રિજ હતું, ઉનાળામાં કયારેક બરફની ટ્રે મળી જતી, બરફની ટ્રે હાથમાં હોય ત્યારે આનંદમાં એવુ લાગતુ કે હમણાં જ મારૂ શરીર ઠંડુ પડી જશે. એકના ઘરે ફોન હતો કોઈ સગા ફોન કરે અને પડોશી બોલાવે ત્યારે બીક પણ લાગતી કારણ ફોન તો માઠા સમાચાર માટે જ આવે તેવુ મોટા ભાગે થતું કારણ સારા સમાચાર તો પોસ્ટકાર્ડમાં આવી જતા.

આજે સમજાય છે કે સુખ" સગવડોમાં ન્હોતુ

નાની નાની વાતો સુખી કરતી હતી.

કારણ ત્યારે આખર તારીખ આવતી હતી

આજે તારીખ તો આવે છે, પણ તે આખરી હોતી નથી

રોજ પહેલી તારીખ જ હોય છે.આજે મોટુ ઘર છે, ટીવી છે, કાર છે, છતાં આપણે શોધીએ છીએ સુખને.....!!!

જય શ્રીકૃષ્ણ/Jay Shree Krishna

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ના મેમ્બરો ની નિર્ણાયક સાથે આજે પાંચ ગદ્ય રચનાઓ... જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક, ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક તેમજ ન્યૂઝ પોર્ટલ,લાઇવ ચેનલ માં સમાચારો આપવા તેમજ સાહિત્ય સરીતા ગ્રુપ માં મેમ્બર શિપ મેળવવા સંપર્ક કરો.

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling: 982465307

---

NOG સાહિત્ય સરિતા ગ્રુપ - ૧
NOG SS NO :- 0090
પ્રકારઃ ગદ્ય
વિષયઃ ઉતરાણ
શીર્ષકઃ પંખીડાંની વેદના

૧૪મી એ અમારું ધ્યાન રાખજો
આજ ઉતરાણ છે
આજે અમે બહાર નીકળવાનાં નથી
પહેલાં અમે પંખીડાં લોકડાઉનમાં સુખી હતાં ઉતરાણ આવી, હવે અમારા દુઃખનાં દિવસો શરૂ થયાં છે..
બચ્ચાંઓને કહી દીધું છે આજે બહાર ના નીકળતાં.. ૪ મીએ ઘરમાં રહેજો ને સુરક્ષિત રહેજો..
આ કાગળના ઊડતાં પતંગોની
ઘાતક દોરનો ગાળિયો
તમારાં ગળાનું માપ ના બની જાય એનું ધ્યાન રાખજો..
૧૪મીએ માસ્કવાળા ચહેરાઓને ઓળખશો નહી. એની આકાશી નજરથી ભરમાશો નહી..
૧૪મી સમય
તએ ગગનમા ઊડશો નહીં..
અમારી સામુહિક દફન વિધિ કે અંતિમ યાત્રા ન નીકળે તેનું ધ્યાન રાખજો..
પશુ દવાખાને
જવું પડે તો
અમારા ઘાયલ પંખીને બચાવજો..
અને આદર કરજો કરુણા અભિયાનનો.
પક્ષી બચાવ અભિયાનનો...
pls,14મી એ અમારું ધ્યાન રાખજો
આજે ઉતરાણ છે

દીપક જગતાપ

---

NGO, સાહિત્ય સરિતા( ૧ )
NOG SS. No. - 39
વિષય -- ઉત્તરાયણ-- એક જીવનસંદેશ
પ્રકાર -- નિબંધ
શબ્દો - ૨૯૦

આપણાં દરેક તહેવાર કોઈ ને કોઈ સંદેશો આપતાં હોય છે.દરેક તહેવાર મનોરંજન સાથે જીવન જીવવાની જડીબુટ્ટી છે.ઉત્તરાયણ સૌ કોઈનો ચાહીતો તહેવાર છે.

ઉત્તરાયણ જ એક એવો હિન્દુ તહેવાર છે જે ચૌદ જાન્યુઆરીના રોજ આવે છે અને બધી જ કોમના લોકો સાથે મળીને આ તહેવાર ઉજવે છે. બાવીસ ડિસેમ્બરથી સૂર્ય મકર દિશા તરફ ખસતો જાય છે એટલે એને મકરસંક્રાંતિ પણ કહે છે.

જમીન ઉપર ઉભા રહીને પતંગ સાથે દોરી બાંધીને એને આકાશમાં ઊંચે ને ઊંચે ઉડાડીને જમીન અને આકાશના તાદાત્મ્યનો આનંદ લેવામાં આવે છે.

પતંગ ચઢાવવા કરતાં કાપવાનો અને કપાઈને આવતા પતંગને પકડવાનો આનંદ અનેરો છે. પણ એ નિર્દોષ આનંદ છે.

જીવનમાં પણ બીજાને ધક્કો મારીને કે પછાડીને આગળ વધવું એ નૈતિકતા નથી.

દોરીની ઢીલ મૂકીને બીજાંને આપણી પતંગ કાપવાનો આનંદ આપવો એ બંનેનાં મનને આનંદ આપે એવી વાત છે.

ઉત્સવો જીવનને વહેતું રાખવાની ઊર્જા પૂરી પાડે છે.બીબાંઢાળ જિંદગી ક્યારેક કંટાળો આપે છે, થકવી નાંખે છે ત્યારે તહેવારો મનને રિચાર્જ કરે છે અને આગળ વધવા માટે ધીમો ધક્કો મારે છે.

નાતજાતનાં ભેદ ભૂલીને આબાલવૃદ્ધ સહુ કોઈ સુંદર, અનેકરંગી પતંગો લઈને રંગીન મિજાજે રંગીની માણવા ધાબાં પર ઊમટી પડે છે.
પતંગ અને દોરીની યોગ્ય રીતે થયેલી બનાવટ અને પતંગ ચઢાવનારની કાબેલિયત આકાશ પર આધિપત્ય જમાવી દે છે.

જીવનની પતંગને, સ્નેહની દોરીથી ચગાવવાની હોય છે. સંબંધો નામના બીજાં પતંગોને જાળવવાનાં હોય છે, નિભાવવાનાં હોય છે, ક્યાંક ગમ ખાવી પડે છે, ક્યાંક ઢીલ આપવી પડે છે.ક્યાંક ફાટે તો સાંધવાની કરામત જોઈએ, પગમાં આવતી દોરીની ગૂંચની જેમ જીવનની ઉલઝનોને ઉકેલતાં ઉકેલતાં બાજ નજર રાખીને ઊંચે ને ઊંચે જવાનું હોય છે. જીવનમાં બદલાતા સમય અને સંજોગો સાથે જાતને બદલવી પડે.જીવથી શિવ સુધી પરમને પામવા માટે જવા માટે, પતંગ અને દોરીની સાવચેતીથી માંડીને એને ઊંચે એના અવકાશમાં પહોંચાડવા માટે જે જે સાવચેતી રાખવી પડે એ બધી જ સાવચેતી રાખીને જીવીએ તો નિજાનંદ અને સાથે પરમાનંદ પણ ચોક્કસ પામીશું.

પ્રફુલ્લા"પ્રસન્ના" અમદાવાદ

NOG SS No. 0027
પ્રકારઃ- લેખ
મકરસંક્રાંતિ...જીવનક્રાન્તિ

પ્રતિવર્ષ આવતો પતંગોત્સવ એ હકીકતમાં જીવનનો ઉત્સવ હોય છે. રંગબેરંગી નભ જીવતરની રંગોળીનો સંદેશ આપે છે. પતંગ હંમેશાં ઉત્તુંગ તરફ ગતિ કરે એમાં જ એની શોભા હોય છે. ઉન્નતિ કે પ્રગતિ એ પ્રત્યેક વ્યક્તિનું શમણું હોય છે. જીવન સ્વયં એક સ્પર્ધા છે પણ, એ સ્પર્ધા સ્વસ્થ હોય એ આપણે ઉત્તરાયણ પરથી શીખવાનું છે. કપાઈ ગયેલા પતંગની પણ એક શોભા હોય છે. નીચે પડેલો માણસ એક દિવસ તો ઊંચાઈ પર ગયો હશે ને !

મકરસંક્રાંતિ પર ભારતવર્ષનાં બે મહાપુરુષોનું સ્મરણ અચૂક થાય. ભીષ્મ પિતામહ અને સ્વામી વિવેકાનંદ. આપણા દેશમાં ૫૦૦૦ વર્ષ પહેલાં આવેલ એ મહાન આત્માએ પોતાનો દેહત્યાગ કરવા માટે આજનો દિવસ પસંદ કર્યો હતો. શ્વેત કેશ, શ્વેત વસ્ત્ર, શ્વેત આત્મા તરીકે વિખ્યાત પિતામહ ભીષ્મનાં પ્રયાણ સાથે સંકળાયેલ ઉત્તરાયણ આપણને ઊજળાં અને ચરિત્રવાન બનવાની દીક્ષા આપે છે.

એ પ્રયાણને સદીઓ વીતી ગઈ પછી ઉત્તરાયણ પર જ બીજી એક વિશ્વવિખ્યાત વિભૂતિનું આગમન થયું. પહેલીવાર એવું બન્યું કે વિશ્વફલક પર ભારતીય સંસ્કૃતિનાં વિચારોનો પતંગ સૌથી વધારે ઊંચાઈ પર લહેરાઈ રહ્યો. સ્વામી વિવેકાનંદે જે ક્રાંતિ કરી એનાં થકી લાખો લોકોનાં જીવનમાં સંક્રાંતિ થઈ.

તલ, ચીકીનો સંબંધ જીવનની મીઠાશ સાથે હોય છે. ઘરમાં કે ધાબાં પર બેસીને સંબંધની કડવાશ ઓછી કરવાની હોય છે. વર્તમાન સમયમાં લોકો એકબીજાથી "ડિસકનેક્ટ" થતાં જાય છે. દરેકને પોતાનું એક ધાબું છે. એ ધાબાં પર એકાંતનો ઉત્સવ સર્જાય નહીં તો ઉત્તરાયણ ઉજવવી બેકાર છે. આપણા ધાબાં પર અહંકારની ફીરકી લઈ બેઠાં છીએ જેની અંદરથી સતત અશાંતિ અને ઈર્ષ્યાના દોર છૂટતાં રહે છે, જેનો કાટ જીવનરૂપી પતંગને કાપતો રહે છે. એક સમય એવો આવે છે કે આવાં કટાઈ ગયેલ જીવનનું ગૌરવ લઈએ છીએ. આવાં લોકોને મન ઉત્તરાયણ એટલે પતંગ, દોરા અને ઘોંઘાટ, એય કાટા..... તેઓ કદી મકરસંક્રાંતિને માણી શકતાં નથી.

સંક્રાંતિ એટલે વિચારોની ક્રાંતિ..! સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે ત્યારે થતી ક્રાંતિ આપણાં જીવનમાં પણ થવી જોઈએ. ઉત્તરાયણ એક નવી દિશા, નવી આશા, નવો ઉત્સાહ લઈ આવે છે. વહેમી વિચારોનો ત્યાગ કરવાનો આ દિવસ છે. આ સૃષ્ટિમાં ઝાડ, પાન, ઋતુઓ પ્રતિ ક્ષણ પરિવર્તન પામતું રહે છે. બધું બદલાતું રહે છે. નવસર્જન થતું રહે છે. જડતા એ મૃત્યુ સમકક્ષ ગણાય છે. આપણાં વિચારોમાં, જીવનમાં પણ સંક્રાંતિ થાય એ માટે ઉત્તરાયણ આવે છે. એનું સ્વાગત આપણે એ રીતે કરવું જોઈએ.

જ્યોતિ આચાર્ય,અમદાવાદ

---

NOG SS NO : 004
વિષયઃઉતરાણ/ મીઠાશ/સગાઈ/સગપણ/ છૂટાછેડા
શીર્ષકઃ ગિરજા-શંકર

તેણીને પણ પતંગની માફક ઊડવું ગમે, પેલાં વાદળો સાથે વાતો કરવી ગમે. દર ઉતરાણે બા પાસે તે પતંગ ને દોરાની માંગણી કરે. બા કહેતી આપણે છોકરી થઈ પતંગ ન ચગાવાય બૂન! ને ગિરજા ને મનમાંને મનમાં ગુસ્સો આવે. છોકરી થઈ ફીરકી પકડાય પણ માંજે લાગેલો પતંગ ન ચગાવાય?કેમ અને કેમ?

મોટી થતી ગઈ રસોડે પારંગત થઈ ગઈ, ઉતરાણે ચીકી તો એવી બનાવે કે નભમાં પતંગ પણ તેની ચીકી જોઈ હરખાય જાય.કહેવાય છે ને કે સૂરજ મકરસંક્રાંતિએ ગ્રહો બદલે તેમ ગિરજાનાં ગ્રહો બદલાયાં. બાજુમાં જ શંકર રહેવા આવ્યો હતો. તેની ગામમાં પહેલી ઉતરાણ હતી. તે શિક્ષક તરીકે ગામમાં આવ્યો હતો.ગિરજા મહેમાનને ચા આપવા ગઈ.નજર ચાર થઈ.ત્યાં એક કંપને હાજરી પૂરાવી.ઘરનો પાછલો ભાગ ખંડોળિયા જેમ વપરાતો ત્યાં ગિરજાના બાપાએ તેને રહેવા સગવડ કરી આપી ને દરવાજો મૂકી આપ્યો.ગિરજા નીચેથી ઉપર નભમાં ઉડાઉડ કરતા પતંગ તરફ જોઈ રહી હતી..શંકરની નજર તેની પર જતાં જ તેણીને ઈશારાથી બોલાવી ને પતંગ હાથમાં પકડાવી જ દીધો..ને ગિરજાનું હૃદય ખુશીની મીઠાશથી ભરાઈ ગયું.

તે રાત્રે ગિરજાને ઉંઘ ન આવી. બાજુના ઓરડામાં શંકરને પણ નહી .વાસી ઉતરાણે વહેલાં મળસકે ઊઠી તે ખંડોળિયા તરફ ગઈ અને આવી ત્યારે તેની હાલત, સમર્પણ કર્યાનો હરખ હતો, પતંગે માંજા સાથે સગાઈ કરી દીધી હતી..!આકાશે એક સફેદ પતંગ પર લાલ અક્ષરે લખાયું હતું ગિરજા-શંકર..! મકરસંક્રાંતિએ ગ્રહો બદલાઈ ગયાં હતાં પહેલીવાર ચગાવેલી પતંગ આભ આંબવા જઈ રહી હતી..!

ગિરજા વિચારતી હતી કે શું આ જ પ્રેમ છે?તો કપાયેલી પતંગ કોને કહેવાય? તેના કાને એક અવાજ ગુંજ્યો"કાપ્યો છે."તેણીએ કાને હાથ ધરી દીધાં.નજર બહાર ગઈ એક પારેવડું દોરામાં ભરાય જવાથી તરફડતું હતું, ન કોઈએ જોયું ન વિચાર્યું. ગિરજા તેની હાલત પારેવડાંના તરફડાટમાં જોતી રહી.

જયશ્રી પટેલ..(મુખ્ય નિર્ણાયક)

---

NOG SS No :- 0044
વિભાગઃ- ગદ્ય
વિષયઃ- છૂટાછેડા

સીધા-સાદા મહેશને ખરાબ સોબતમાં દારૂ, ૧/)૯૯ વ્યસન થઈ પડેલું.રોજ દારૂ પીને આવી રાત્રે પત્ની કમુને મારે.સવાર પડે જાણે કંઈ જ બન્યું ન હોય એવું વર્તન.કમુને થાય કે જતી રહું.પરંતુ લગ્નનાં શરૂઆતનાં વર્ષો યાદ કરી અને બાળકોનાં ભવિષ્યનો વિચાર કરી ઘરમાં જ રહે.

મહેશે દારૂ ન પીધો હોય ત્યારે કમુ સમજાવે, દોસ્તોની સંગત સારી નથી છોડી દો તો જ તમારૂં વ્યસન છૂટશે.

રોજની કમુની વાતથી મહેશના હૈયે હરિ વસ્યા અને તમામ વ્યસનનો ત્યાગ કરવાનો નિર્ધાર કરી ઘરે આવ્યો.

પતિને વહેલો આવેલો જોઈ કમુને નવાઈ લાગી.મહેશે કમુને કહ્યું," હું છૂટાછેડા આપું છું." સાંભળતાં જ કમુ અવાક! કળ વળતાં કહ્યું," એવું શું થયું? આપણાં બાળકોનો તો વિચાર કરો.મા-બાપ બંનેનો પ્રેમની જરૂર હોય છે એમને."ત્યાં તો મહેશ ખડખડાટ હસતાં હસતાં કહે," એમ અવાક્ થઈને શું જુએ!છૂટાછેડા પત્ની સાથે જ લેવાય એવું કોણે કહ્યું? મને તારી વાત સમજાઈ.કેવો સુખી સંસાર હતો આપણો! એટલે જ હું,આજે મારાં તમામ વ્યસનોથી અને મારા દોસ્તો કે જેનાંથી મને વ્યસન લાગુ પડેલું એનાંથીય છૂટાછેડા લઉ છું."

સાંભળીને પત્ની હરખાઈ ઉઠી.ઘણાં સમયે પરિવારમાં સાંજ આનંદ લઈને આવી. બાળકો પણ આજનું વાતાવરણ જોઈ હરખાઈ ઊઠ્યાં. પરિવાર આનંદ કિલ્લોલ કરતું થઈ ગયું.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.




## હવે માત્ર ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે ૬ ફેબ્રુઆરીએ યોજાશે ચૂંટણી

# તિલકવાડા એપીએમસીમાં વેપારી વિભાગની ૪ અને સંઘ વિભાગની ૧ મળી કુલ ૫ બેઠકો કોંગ્રેસ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા.



રાજપીપળા,તા.૨૨

તિલકવાડા એપીએમસીની મુદત પુરી થતા આગામી તા.૬ ફેબ્રુઆરીના રોજ ચૂંટણી યોજવાની છે. ત્યારે આજે ખેડૂત વિભાગની ૧૦ બેઠકો વેપારી વિભાગની ૪ અને સંઘ વિભાગની મળી કુલ ૧૫ બેઠકો માટે ચૂંટણી યોજવાની છે. ત્યારે આજે આ ફોર્મ ચકાસણીના અંતિમ દિવસે ચિત્ર સ્પષ્ટ થયું હતું.જેમાં વેપારી વિભાગની ૪ અને સંઘ વિભાગની ૧ મળી કુલ ૫ બેઠકો કોંગ્રેસની બિનહરીફ જાહેર થઈ હતી.આમ ચૂંટણી પહેલાં જ કોંગ્રેસે ૫ બેઠકો જીતી લેતાં કોંગ્રેસ છાવણી ગેલમાં આવી ગઈ હતી. હવે માત્ર ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે ૬ ફેબ્રુઆરી યોજાશે ચૂંટણી યોજાશે. એ ઉપરાંત સરકાર તરફથી ડાયરેક્ટ બે કોષ્ટાસભ્યો નિમાશે.

બિન હરીફ જાહેર થયેલા ઉમેદવારોમાં કોંગ્રેસના પ્રગતિ પેનલના ૫ ડીરેક્ટરો બિનહરીફ જાહેર થયા હતા.તેમાં વેપારી વિભાગના મલગસાબ રાઠોડ, જયન્તિભાઈ બારીયા, તન્વીર રાઠોડ, મન્સૂર દાયમાં અને ખરીદવેચાણ સંઘ માંથી રહેમતુલ્લા ઘોરી બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા.

આજે ૧૧ કલાકે તિલકવાડા એપીએમસીમાં જિલ્લા રજિસ્ટ્રારે એસ.આર.પટેલ ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં ફોર્મ ચકાસણી કરવામાં આવી હતી. જેમાં વેપારી વિભાગની ૪ અને સંઘ વિભાગની૧ મળી કુલ ૫ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવાર સિવાય સામે કોઈ હરીફાઈ ઉમેદવારી ઉમેદવારી પત્રક ભરતા આ પાંચેય ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાતા ધારાસભ્ય પી.ડી.વસાવા,પ્રદેશ મંત્રી હરેશ વસાવા તથા નર્મદા કોંગ્રેસના આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

રિપોર્ટ : જયોતિ જગતાપ, રાજપીપળા

# બાંટવામાં ચાલતા સી.સી.રોડના કામમાં લોટ પાણીને લાકડા થતા હોવાનો શહેર કોંગ્રેસ પ્રમુખ નો આક્ષેપ

બાંટવા નગરપાલિકા દ્વારા હાલમાં સી.સી.રોડના કામો ચાલી રહ્યાં છે જે એસ્ટીમેઈટથી તદ્દન વિરુદ્ધ નબળી ગુણવત્તા નાં બની રહ્યા છે આ સી.સી.રોડમા ઓછી સિમેન્ટ વાપરવા માટે ભરડીયાનો ડટ પાવડર તથા સીલકોટ કાંકરી વાપરવામાં આવી રહી છે જે કામનાં એસ્ટીમેઈટમા વાપરવાની હોતીજ નથી જેથી કામની ગુણવત્તાને અનુરૂપ નથી તથા યોગ્ય લેવલીંગે ખોડાણ પણ કરવામાં આવ્યું નથી તથા મોટી કાંકરી નું પી.સી.સી.પણ એસ્ટીમેઈટથી તદ્દન વિરુદ્ધ નબળી ગુણવત્તા નું કરવામાં આવી રહ્યું છે ઉપલા કોંક્રિટમા પણ અડધા પોણાની કાંકરી સાથે ભરડીયાનો ડટ પાવડર તથા સીલકોટ મીક્ષ કરી નબળું કામ થય રહ્યુ છે એક ધનમીટરે આઠ થેલી સિમેન્ટ વાપરવાની જગ્યાએ ત્રણ થી ચાર થેલી સિમેન્ટ વપરાઈ રહી છે યોગ્ય રોલીન્ગ વોટરીન્ગ કરવામાં આવતું નથી વોટરીન્ગ પણ તાજાં બનેલાં સી.સી.રોડ પર પાણી નાં ટેક્રરો ચલાવી કરવામાં આવે છે જેથી થયેલ સી.સી.રોડને નબળો પાડે છે રોડમા વાયબ્રેટર મારવાનું હોવા છતાં મારવામાં આવતુ હતુ આ અંગે બાંટવા શહેર કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ રાઠોડ દ્વારા ઈન્ચાર્જ ચિફ ઓફીસર શ્રી હમીરભાઈ નંદાણીયા સાહેબ તથા નગરપાલિકા પ્રમુખ તથા પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ ભાવનગર કચેરીનાં એન્જિનિયરો કે જે ગત્ તા.૧૯/૧/૨૧ નાં રોજ બાંટવા નગરપાલિકા ખાતે આવેલા તેઓને પણ મૌખિક રુબરુ ફરિયાદ કરી છતાં કોઈ નિરાકરણ આવેલ નથી જેથી આજરોજ પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ ભાવનગર,શહેરીમંત્રી નિતીનભાઇ પટેલ, કમિશનર નગરપાલિકાઓ ગાંધીનગર તથા ચિફ ઓફીસર નગરપાલિકા ને ઈમેલ તથા લેખિત ફરીયાદ કરી થયેલ સી.સી.રોડના બીલો ન કરવાં તથા આવા કામોનાં ચુકવેલ બીલો મુજબ નાં કામો ફરી એસ્ટીમેઈટ મુજબ કરાવી જવાબદારો સામે તપાસ કરાવી સરકારી ધારાધોરણ મુજબના પગલાં લેવા માંગણી કરવામાં આવી છે

### આરોગ્ય કર્મચારીઓએ નર્મદા સરપંચ.પરિષદ તથાસ સાંસદને પણ આપ્યુ આવેદન

# નર્મદા જિલ્લાના ૩૨૨ વિવિધ આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરતા આરોગ્ય કમિશનરની લાલ આંખ

રાજપીપળા, તા.૨૨

નર્મદા જિલ્લાના ૩૨૨ જેટલા આરોગ્ય કર્મચારીઓ રસીકરણ પહેલા જ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા આજે ૧૧મો દિવસ છે. ત્યારે ૧૧ મા દિવસે પણ આરોગ્ય કર્મચારીઓની હડતાલ ચાલુ રહી હતી.જોકે વિવિધ આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરતા આરોગ્ય કમિશનરને લાલ આંખ કરી એપેડેમીક એક્ટ લગાડવાની ચીમકી સાથે તાત્કાલિક ફરજ પર હાજર થવા નોટિસ ફટકારાઈ છે.આરોગ્ય કમિશ્નર એ નર્મદા કલેકટર ની એપેડેમીકઆજરોજ નર્મદા જિલ્લાના વિવિધ આરોગ્ય કર્મચારીઓ સીડીએચઓ અને સીડીએચઓએ ડીએચઓને લેખિત સૂચના આપતા ડીએચઓએ તમામ કર્મચારીઓને નોટિસ ફટકારી તાત્કાલિક ધોરણે બિનશરતી ધોરણનો એ ફરજ પર હાજર થઈ જવાનું ફરમાન જારી કરી એપેડેમીક એક્ટર લગાડવાની ચીમકી આપી છે.

આ અંગે નર્મદા આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખ મિતેશ ભટ્ટે જણાવ્યું હતું.ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ ના આદેશ અનુસાર તેમની માગણીઓ સરકાર સ્વીકારી ન હોવાથી નર્મદાના તમામ આરોગ્ય કર્મચારીઓ હડતાળ ચાલુ રાખશે.અને ફરજ પર હાજર થશે નહી. એવો નોટિસનો જવાબ પણ આપી દેતા તંત્ર હરકતમાં આવી ગયું છે.અને પોતે કોરોના રસી લેશે પણ નહીં કે આ વખતે પણ નહી. અને અચોક્કસ મુદત સુધી અમારી હડતાળ ચાલુ રહેશે.તેમ જણાવ્યું હતું એટલું જ નહી આગામી ૩૧ મી જાન્યુઆરીએ પલ્સ પોલિયો રસીકરણ ની કામગીરીનો બહિષ્કાર કરશે.એવી જાહેરાત પણ કરતા આ કામગીરી ખોરવાઇ જવાની ભીતિ સેવાઈ રહી છે.



આજે ૧૧ માં દિવસે પણ આરોગ્ય વિભાગના લેબ.ટેકનિશિયન,મેલ અને ફિમેલ હેલ્થ વર્કર ફાર્મસી અને સ્ટાફ નર્સ સહિતના આરોગ્ય કર્મચારીઓની હડતાલ ચાલુ રહી હતી.

જોકે આ પ્રશ્ન ઝડપથી ઉકેલી તે માટે સરકારમાં દબાણ લાવવા નર્મદા સરપંચ પરિષદને,સાંસદ મનસુખ વસાવા સહિત ભાજપ અગ્રણીઓને પણ આવેદન આપી તેમના પ્રશ્નો સરકાર ઝડપથી ઉપડે તેવી રજૂઆત કરી હતી.

જેમાં આવનાર દિવસોમાં તાત્કાલિક ધોરણે નિરાકરણ આવે અને તેમના પ્રશ્નો બાબતે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ,આરોગ્યમંત્રી કુમાર કારાણીને આવનારા દિવસોમાં નર્મદા જિલ્લાના તમામ સરપંચો દ્વારા રજૂઆત કરવામાં આવશે.એમ સરપંચ પરિષદના પ્રમુખ નિરંજન વસાવાએ જણાવ્યું હતું.

કોરોના વોરિયર્સ ના પ્રશ્નો ઉકેલવાની બદલે સરકાર આરોગ્ય કર્મીઓ સામે એપેડેમીક એક્ટ લગાવાની ચીમકી આપી છે.તે સરકાર માટે નિંદનીય છે. કોંગ્રેસના આગેવાનો અને ધારાસભ્ય પરેશ ધાનાણીએ સરકારના નિયમને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી.અને કોરોના જેવા કપરા સમયમાં આરોગ્ય કર્મીઓના પ્રશ્નનો ઉત્તર ઝડપથી ઉકેલે તેવી માંગ કરી હતી.ગુજરાતના આરોગ્ય કર્મચારીના પ્રશ્નો અને શંકરસિંહ વાઘેલા,જીગ્નેશ મેવાણી જેવા નેતાઓએ પણ સમર્થન કર્યું હતું.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ,રાજપીપળા

# મ્યુનિસિપલ કમિશનરશ્રીનું સર્વ સમાવેશક ડ્રાફ્ટ બજેટ: મેયરશ્રી રીટાબેન પટેલ



ગાંધીનગર:

મ્યુનિસિપલ કમિશનરશ્રી રતનકંવર ચારણગઢવી દ્વારા સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૧-૨૨ના ડ્રાફ્ટ બજેટને મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા સર્વ સમાવેશક કહેવામાં આવ્યુ હતું. મેયરશ્રીએ જણાવ્યું કે સરકારે મહાનગર પાલિકાનું હદ વિસ્તરણ કર્યાના પગલે શહેર વિસ્તારમાં ભળેલા ૧૮ ગામ, પેથાપુર શહેર અને ૭ ટીપી વિસ્તાર સહિત સમગ્ર મહાનગર પાલિકા વિસ્તારમાં ગાંધીનગર શહેરના જેવી તમામ માળખાકીય સુવિધાઓના આયોજનો કમિશનરશ્રી દ્વારા બજેટમાં સમાવવામાં આવ્યા છે. મેયરશ્રી રીટાબેન પટેલે આમ કહેતાં ઉમેર્યુ કે આટલા વર્ષો સુધી ગ્રામ્ય વિસ્તારને માળખાકીય સુવિધાઓના મુદ્દે જે સમસ્યાઓ વેઠવી પડી છે, તે તમામનો ઉકેલ બજેટમાં કમિશનરશ્રી દ્વારા અપાયો છે અને સેક્ટરો સહિત સમગ્ર મહાપાલિકા વિસ્તાર માટે લોક કલ્યાણ, માળખાકીય સુવિધા અને વિકાસના કામને ન્યાયીક અને જરૂરતના હિશાબે સમાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે મહાનગર પાલિકા દ્વારા નવા ભળેલા વિસ્તારમાં કોઈ નવો ટેક્સ લાગુ કરવામાં આવ્યો નથી, પરંતુ ગ્રામ પંચાયત દ્વારા જે વેરા વસૂલવામાં આવતા હતાં, તે પદ્ધતિ જ હાલમાં યથાવત છે.

મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યું કે નવા વિસ્તારો માટે સ્વાભાવિક રીતે જ રસ્તા, સફાઇ, ઘન કચરાના નિકાલ, ગટર લાઇન, નર્મદાના પાણી, સ્ટ્રીટલાઇટ સહિત આયોજન કરવામાં આવ્યા છે, કેમ કે આ પૈકીના ઘણા વિસ્તારોમાં આવી સુવિધા ગાંધીનગર શહેર જેવી નથી. તેથી પરુતા પ્રમાણમાં રકમ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત કોમ્યુનિટી હોલ, લાઇબ્રેરી, ફાયર ચોકી, જાહેર શૌચાલય, ટ્રાફિક આઇલેન્ડ સહિતના જાહેર સુવિધાની યોજનાઓ આપવામાં આવી છે. સેક્ટર વિસ્તારમાં ટ્રાફિકના વધેલા ભારણને લઇને રસ્તા પહોળા કરવા, નવા બાગ બગીચા અને હયાતના નવીનીકરણ, સેક્ટરોના એપ્રોચ રોડ ફોરલેન કરવા, શાળાઓના નવીનીકરણ, ગરીબ આવાસ યોજના, ૨૪ કલાક પાણીની યોજના, આગામી દાયકાઓની સ્થિતિ નજર સામે રાખીને નવી ગટર વ્યવસ્થા સહિતના આયોજન બજેટમાં સમાવવામાં આવ્યા છે.

# શામળાજી : પોલીસ જોઈ ટ્રક રોડ પર મૂકી ટ્રક ચાલક ડુંગરમાં નાઠો , પોલીસે ટ્રકમાંથી ૧૭૦ પેટી વિદેશી દારૂ ઝડપ્યો



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લાની આંતરરાજ્ય સરહદનો ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ ઠાલવવા બુટલેગરો દ્વારા વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હોવાનું અનેકવાર સાબિત થઈ ચૂક્યું છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ મુખ્ય અને અંતરીયાળ માર્ગો પરથી દારૂની હેરાફેરી અટકાવવા રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલીંગ કરી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી રહી છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથધરતાં રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરી આવી રહેલ ટ્રકનો ચાલક ટ્રક રોડ સાઈડ ઉભો રાખી ડુંગર પર નાસી છૂટતા પોલીસે ટ્રકમાંથી તૂટેલા કેરેટની આડમાં સંતાડેલ ૬.૧૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી . શુક્રવારે વહેલી સવારે શામળાજી પીએસઆઇ અનંત દેસાઈ અને તેમની ટીમે અણસોલ ગામની સીમમાં વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા રતનપુર ચેકપોસ્ટ બાજુથી ટ્રકમાં તૂટેલા કેરેટની આડમાં વિદેશી દારૂ ભરી આવી રહેલ ટ્રક ચાલક પોલીસ ચેકીંગ જોઈ ગભરાઈ જતા રોડ પર ટ્રક મૂકી રોડની બાજુમાં રહેલા જંગલમાં ફરાર થઇ જતા પોલીસે બિનવારસી ટ્રકમાં તલાસી લેતા જુના તૂટેલા પ્લાસ્ટિકના કેરેટની આડમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૨૦૪૦ કી.રૂ.૬૧૨૦૦૦/-નો જથ્થો જપ્ત કરી ટ્રકની કીં.રૂ.૭ લાખ મળી કુલ.રૂ.૧૩.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ મોરબી સહિત ૮ જિલાઓમાં નવી જીઆઇડીસી સ્થાપનાની મહત્વપૂર્ણ જાહેરાત કરી

ગાંધીનગર, ૨૨ જાન્યુઆરી, ૨૦૨૧

સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્યને ઔદ્યોગિક ઉત્પાદનમાં અગ્રેસર બનાવવા તથા ઉદ્યોગો માટે અદ્યતન માળખાકીય સેવાઓ અને આનુસાંગિક સુવિધાઓ પ્રદાન કરતાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીએશન્સ (ગુજરાત) દ્વારા કરવામાં આવેલ રજૂઆતને ધ્યાને લઈને આજે આઠ જિલ્લાઓમાં ૯૭૮ હેક્ટર વિસ્તારમાં નવી ઔદ્યોગિક વસાહતો – જીઆઈડીસી સ્થાપવાન જાહેરાત કરી છે.

આ જાહેરાત અંતર્ગત સિરામિક ઉદ્યોગ માટે વિશ્વભરમાં પ્રખ્યાત મોરબીમાં આશરે ૫૦૦ હેક્ટર વિસ્તારમાં અદ્યતન માળખાકીય સુવિધાઓથી સજ્જ એક મોડલ એસ્ટેટનું નિર્માણ કરાશે, જે ઉદ્યોગોની સુચારુ કામગીરી સંબંધિત વિવિધ જરૂરિયાતઓને પૂર્ણ કરશે તેમજ મોટી સંખ્યામાં યુવાનો માટે રોજગારની તકોનું સર્જન થશે.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ મીશનને સાકાર કરવામાં મોરબીનો સિરામિક ઉદ્યોગ હંમેશા અગ્રેસર રહ્યો છે તથા આયાતોમાં ઘટાડો કરીને નિકાસોમાં વધારો થાય તે માટે નવીન પગલાં ભર્યાં છે, જેના સકારાત્મક પરિણામો પણ જોવા મળી રહ્યાં છે. મુખ્યમંત્રીશ્રીની જાહેરાતનું સ્વાગત કરતાં ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન (એફઆઇએ) ગુજરાતના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશ વી. વરમોરાએ કહ્યું હતું કે, ગુજરાતના કુલ જીડીપીમાં ઉદ્યોગોનું યોગદાન ૫૦ ટકા છે અને ૩૦ ટકા વેપારોનું યોગદાન છે. આ નવી જાહેરાતથી રાજ્યમાં ઉદ્યોગોના વિકાસમાં વધુ યોગદાન મળશે અને રાજ્ય-દેશને આત્મનિર્ભર બનાવવાનું મહત્વપૂર્ણ પગલું છે.

આ અંગે પ્રતિક્રિયા આપતાં એફઆઇએના ટ્રેઝરર શ્રી ભાવિન્દ્ર તનેજાએ કહ્યું હતું કે, આજે સરકારશ્રીની જાહેરાતો પછી એફઆઇએએ ભારતની આર્થિક ક્રાંતિની પહેલી મોટી ઉપલબ્ધિ પ્રાપ્ત કરી છે. જીડીપી વૃદ્ધિમાં ઉદ્યોગો જ મોટામાં મોટું યોગદાન આપશે તે પ્રકાશ. વી. વરમોરા સાહેબની પ્રેસિડેન્ટશીપમાં પ્રણ લીધેલ છે. નવી જીઆઇડીસી વસાહતોથી જલોત્રા-બનાસકાંઠાના માર્બલ કટીંગ-પોલીશીંગ ઉદ્યોગ, શેખપાટ-જામનગરના બ્રાસ ઉદ્યોગ, ગાંધીનગરના કડજોદરાના ફૂડ-એગ્રો ઉદ્યોગ, પાટણના ઓટો એન્સિલરી ઉદ્યોગ, નાગલપર રાજકોટના મેડિકલ ડિવાઇસ ઉદ્યોગ તથા આણંદ અને મહીસાગરના ઇજનેરી ઉદ્યોગને વ્યાપક લાભ થશે. ઉલ્લેખનીય છે કે દહેજ, સાયખા, અંકલેશ્વર, હાલોલ, સાણંદ, વાપી અને લોધિકાની હયાત જીઆઇડીસીને પણ મૂળભૂત અને અદ્યતન સુવિધાઓના વિકાસ સાથે મોડલ એસ્ટેટ બનાવાશે. વધુમાં હાલની નવ જીઆઇડીસીમાં મલ્ટીસ્ટોરી શેડ્સ-બહુમાળી શેડ્સ બનાવાશે. વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા અને અમદાવાદમાં ૩૬૦ નવા બહુમાડી શેડ્સના નિર્માણની પણ જાહેરાત કરાઇ છે.

### આ ગીર નહીં અરવલ્લી છે":ગઢડા કંપાના ખેડૂતે પરંપરાગત ખેતી છોડી

# શેરડીની ખેતી શરૂ કરી ઘર આંગણે જ ઓર્ગેનિક ગોળનું ઉત્પાદન શરૂ કર્યું

અરવલ્લી બ્યુરો મોડાસા

સિંહ ગર્જના માટે જાણીતો ગીર પંથકની કેસર કેરીની જેમ ઓર્ગનિક દેશી ગોળ માટે પણ ખુબ પ્રખ્યાત છે ગીરમાં ઠેર ઠેર ગોળનું ઉત્પાદન કરતા રાબડાઓ ઠેર ઠેર ધમધમતા જોવા મળે છે ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ગઢડા કંપાના ખેડૂત હરિભાઈ અરજણભાઈ પટેલે પરંપરાગત ખેતી છોડી એક એકરમાં કોઈ પણ પ્રકારના કેમિકલ વગર શેરડીના પાકનું વાવેતર કરી શેરડીમાંથી ઓર્ગેનિક ગોળ બનાવી વેચાણ શરૂ કરતા લોકોમાં ઓર્ગેનિક ગોળ ભારે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હોવાની સાથે ખરીદી કરવા ઉમટી રહ્યા છે



ભારત કૃષી પ્રધાન દેશ છે દેશમાં મહત્તમ લોકો ખેતી પર જીવનનિર્વાહ ચલાવી રહ્યા છે ખેડૂતો ધીરેધીરે આધુનીક અને ઑર્ગનિક ખેતી તરફ પ્રયાણ કરી રહ્યા છે કેટલાય ખેડૂતો પરંપરાગત ખેતી છોડી પોતાની અનોખી ટેક્નિક અને બુદ્ધિ નો ઉપયોગ કરી અને આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને મબલખ ઉત્પાદન કરે છે.હાલ દેશમાં ઓર્ગેનિક શાકભાજી અને ધાન્યની ડિમાન્ડમાં નોંધપાત્ર વધારો થતા ખેડૂતો ઓર્ગેનીક ખેતી તરફ વળ્યાં છે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ગઢડા કંપાના ખેડૂત હરિભાઈ અરજણભાઈ પટેલે એક એકર જમીનમાં કોઈ પણ પ્રકારના રાસાયણીક ખાતર કે કેમીકલ વગર શેરડીનું ટપક પધ્ધતિથી વાવેતર કરી ખેતરમાં જ ઓર્ગેનીક ગોળનું ઉત્પાદન શરૂ કરતા ઓર્ગેનીક ગોળની ખરીદી માટે મોટા પ્રમાણમાં લોકો ઉમટી રહ્યા છે ખેડૂત હરિભાઈ પટેલના જણાવ્યા અનુસાર હાલ પ્રાયોગિક ધોરણે એક એકરમાં કોઈ પણ પ્રકારના રાસાયણિક ખાતરનો ઉપયોગ કર્યા વગર પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી શેરડીના પાકનું ૧૦/૨ ફૂટના અંતરે ટપક પિયત પધ્ધતિથી અપનાવી વાવેતર કરી શેરડી પાકમાં જરૂરીયાત મુજબ ગૌમૂત્ર,છાણ,ગોળ અને કઠોળના લોટનું જીવામૃત બનાવી શેરડીના પાકને તૈયાર કરવામાં આવ્યો છે અને આ શેરડીમાંથી શુદ્ધ ગોળ બનાવી ડબ્બામાં પેક કરી વેચાણ કરવામાં આવી રહ્યો છે અને આ ઓર્ગેનિક ગોળની માંગ વધુ હોવાથી સારું વળતર મળી રહેશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો

# કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ ગુજરાત પ્રદેશ મંત્રી તરીકે નિયુક્તિ કરાઈ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જીલ્લાના જાણીતા હિંદુત્વ, જીવદયા માટે સતત અસરકારક કાર્ય કરતા અને પાલનપુર નગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર શ્રી અશોકભાઈ પુરોહિતને ગુજરાત સરકારના પુર્વ નાયબ સચિવ અને કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ ગુજરાત પ્રદેશ મહામંત્રી શ્રી રામસિંહજી માલીવાડજીની ભલામણથી કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દરજીએ શ્રી અશોકભાઈ પુરોહિતની નિયુક્તિ કરતા રાજસ્થાન અને ઉત્તર ગુજરાતમાં એમના મિત્ર વર્તુળમાં આનંદની લાગણી છવાઈ અને અભીનંદનની વર્ષા થઈ રહી છે.



**તા ૨૧/૦૧/૨૦૨૧ ના રોજ બગસરામાં અમરેલી જિલ્લા અનૂજાતિ મોરચાના મંત્રી નટુભાઈ બોરીચા એ તાલૂકા તેમજ શહેરની એક મિટિંગ જિલ્લા ના મંત્રી મનોજભાઈ મહિડા ના પ્રમૂખ સ્થાને બોલાવેલ જેમાં નાથાભાઈ દાફડા, ભીખાભાઈ સાગઠીયા, ગોવિંદ ભાઈ પરમાર, ઉકાભાઇ દાફડા, તેમજ બગસરા શહેર ના મનસુખ ભાઇ બોરીચા, અશ્વિન દાફડા, નવનીત ભાઈ બોરીચા,મગન ભાઈ પઢીયાર, નરોત્તમભાઈ બોરીચા, વાલજીભાઈ ખિમસૂરિયા તેમજ મૂળજી ભાઈ મહિડા સહિત ના આગેવાનો હાજર રહ્યા હતાં**

# પીઠા ગ્રાઉન્ડ દેડિયાપાડા ખાતે બીટીપી દ્વારા ૨૬ મી જાન્યુઆરી આદિવાસીઓનું મોટું સંમેલન મળશે

રાજપીપળા,તા.૨૨

ઈકો સેન્સીટીવ ઝોન હટાવો,અનુસૂચિત -૫ બચાવો,આદિવાસી બચાવો મુખ્ય મુદ્દાઓને ધ્યાને લઇ આગામી ૨૬ મી જાન્યુઆરીના રોજ પીઠા ગ્રાઉન્ડ દેડિયાપાડા ખાતે બીટીપી દ્વારા આદિવાસીઓનું મોટુંસંમેલન મળવા જઈ રહ્યું છે. જેમાં બીટીપી આગેવાનો છોટુભાઈ વસાવા, ધારાસભ્ય મહેશ વસાવા સહિત જેએનયુના આગેવાનોની ખાસ ઉપસ્થિતિ રહેવાની છે. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટાણે બીટીપીના રાજકીય સમીકરણો તેજ બનવા પામ્યા છે. આ સંમેલનમાં ઈકો સેન્સીટીવ ઝોનનો મુદ્દો મુખ્ય રહેશે. જેમાં નર્મદા જિલ્લાના શૂલપાણેશ્વર અભ્યારણના ગરુડેશ્વર ગરુડેશ્વર તાલુકાના ૧૨, નાંદોદ તાલુકાના ૨૩,દેડિયાપાડા તાલુકાના ૭૪, સાગબારા તાલુકાના ૧૨ ગામોના ને મળીને ૧૨૧ ગામોને ઈકો સેન્સીટીવ ઝોન લાગુ કરવામાં આવેલ છે.જેનાથી આદી અનાદીકાળથી અહીં વસનારા આદિવાસીઓને સંવૈધાનિક



અધિકારો, માનવ અધિકાર, કેન્દ્ર સરકાર દ્વારા હનન કરી આદિવાસીઓને અસ્તિત્વ પર જોખમ ઊભું કરેલ છે.ઈકો સેન્સીટીવ ઝોનના નામે સરકાર દ્વારા આદિવાસી સમાજની જળ,જંગલ, જમીનો. ખનીજ સંપદાઓ હળવાનું કાવતરું કરવામાં આવેલ છે.જેને રદ કરવામાં આવે અને અનુસૂચિત- ૫ ની ચુસ્ત અમલવારીની માંગ કરશે.

જેમાં મુખ્ય વક્તા બીટીપી - બીટીએસ રાષ્ટ્રીય સંયોજક છોટુભાઈ વસાવા,અધ્યક્ષ મહેશભાઈ વસાવા, ડો. દિલીપભાઈ યાદવ જેએનયુ નવી દિલ્હી, ડો.મુલાયમ યાદવ જેએનયુ નવી દિલ્હી, ડો.રાજેશભાઈ વસાવા બીટીએસ રા.મહાસચિવ, ધવલ ચૌધરી બીટીપી ગુ.પ્ર.અધ્યક્ષ,દિલીપભાઈ વસાવા બીટીપી મહાસચિવ, પરેશભાઈ વસાવા બીટીપી રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ,રમેશભાઈ વસાવા બીટીપી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ, પ્રો.રમેશભાઈ વસાવા બીટીપી મહારાષ્ટ્ર પ્ર.પ્રભારી રહેશે.ઈકો સેન્સીટીવ ઝોન લાગુ કરેલ ૧૨૧ ગામોમાં પૈસાનું ૧૯૯૬ લાગુ કરવા તેમજ ઈકોસેન્સિટીવ ઝોનમાં કેટલીક પ્રવૃત્તિઓ કરવા ઉપર પ્રતિબંધ મૂકવા આવેલ છે. તે દૂર કરવા તથા આદી અનાદીકાળથી જળ,જંગલ જમીનો, ખનીજો સાથે રહી જીવન નિર્વાહ કરનાર આદિવાસી સમાજ પર ઈકો સેન્સીટીવ ઝોન લાગુ કરી સરકાર પ્રવાસનના નામેં રહેણાક હોટલ રીસોર્ટ, લઘુ ઉદ્યોગો આવવાથી બહારના લોકો વસવાટ કરવા આવશે.જેની સીધી અસર આદિવાસી સમાજની રહેણીકરણી, જાતિગત પરંપરા, સંસ્કૃતિ પર માઠી અસર થશે.જેને તાત્કાલિક ધોરણે મૂળ અસરથી રદ કરવાની માંગ કરશે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ ,રાજપીપળા

# ૨૫ જાન્યુઆરીએ પાલનપુર મુકામે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાશે



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

તા.૨૫ મી જાન્યુઆરી-૨૦૨૧ના રોજ સવારે- ૧૦.૩૦ કલાકે પાલનપુર કલેકટર કચેરીના સભાખંડ ખાતે બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને ૧૧ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવશે. રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી પ્રસંગે ચૂંટણી પંચ દ્વારા ઇ-એપિક લોન્ચ કરાશે. જેથી મતદારો હવે પોતાના મોબાઇલમાં ચૂંટણી કાર્ડ ડાઉનલોડ કરીને પ્રિન્ટ કરાવી શકશે. હાલમાં પ્રથમ તબક્કામાં છેલ્લા મતદારયાદી સુધારણા કાર્યક્રમ એટલે કે એસ.એસ.આર.૨૧ દરમ્યાન નવા નોંધાયેલા મતદારો પૈકી જેમને ફોર્મ ફોર્મ નં.૬ સાથે પોતાના મોબાઇલ નંબર રજીસ્ટર કરાવેલ હશે, તેવા મતદારો પોતાના મોબાઇલ કે ડેસ્કટોપ ઉપર હ્દૃજૅ પોર્ટલનો ઉપયોગ કરીને ચૂંટણી કાર્ડ ડાઉનલોડ કરી શકશે તેમ પાલનપુર ખાતે મતદાતા દિવસની ઉજવણી અંગે યોજાયેલ બેઠકમાં ઇ. ચા. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી મનીષાબેન મનાતે જણાવ્યું હતું.

આ બેઠકમાં નાયબ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી મુકેશભાઇ ચાવડા, નાયબ માહિતી નિયામકશ્રી ડી. પી. રાજપૂત, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એમ. કે. જોષી, નાયબ મામલતદારશ્રી દિલીપ શેખલીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.